dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -08 | Issue- 122 | AD - 2025, Maha Sud - 08 | Wednesday, Dt.05-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### યુસીસીના અમલ માટે પહેલ કરનાર ઉત્તરાખંડ બાદ ગુજરાત બીજું રાજ્ય બનવા જઈ રહ્યું છે

# ગુજરાતમાં UCC લાગુ કરવા સરકારની તૈયારી

ગાંધીનગર,તા.૦૪

ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડના અમલને લઈ મહત્ત્વના સમાચાર આવ્યા છે. યુસીસી લાગુ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આજે મહત્ત્વની જાહેરાત કરવામાં આવશે. યુસીસીના અમલ માટે પહેલ કરનાર ઉત્તરાખંડ બાદ ગુજરાત બીજું રાજ્ય બનવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે માટે આગળ વધી રહી છે. ગુજરાતમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદા માટેનો મુસદો તૈયાર કરવા સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી રચવાનો નિર્ણય કરાયો છે. કમિટીમાં કોઈ મુસ્લિમ સભ્ય ન હોય ઈમરાન ખેડાવાલાએ કહ્યું હતું કે, કમિટીમાં મુસ્લિમ મૌલાના કે ઉલેમાનો સમાવેશ કરવો જોઈએ. તો આદિવાસી નેતા ચૈતર વસાવાએ આદિવાસી સમાજને યુસીસીથી બહાર રાખવાની માગ કરી છે.રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડનો મુસદો તૈયાર કરવાનો છે એ અંગેના આયોજન અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન દ્વારા દેશના તમામ નાગરિકોને સમાન હક મળે તે માટે કોમન સિવિલ કોડનો દેશ વ્યાપી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. ભાજપ સરકાર જે કહે છે તે કરે છે. વન નેશન વન ઈલેક્શન, આર્ટિકલ ૩૭૦, ત્રિપલ તલાક કાનૂન વગેરે માટે જે વચન આપ્યા હતા તે એક પછી એક પૂરા થયા છે. હવે સમાન નાગરિક ધારો



અમલ કરવા માટે સંકલ્પ છે. ગુજરાત સંકલ્પ સાકાર કરવા માટે હંમેશા કટિબદ્ધ છે. રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે દિશામાં આગળ વધે છે. આ માટે ગુજરાતમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા તથા કાયદા માટે નો મુસદો તૈયાર કરવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રીમતી રંજના દેસાઈ ની અધ્યક્ષતામાં કમિટી રચાશે. ૫ સભ્યોની આ કમિટીમાં વરિષ્ઠ નિવૃત્ત આઈ.એ.એસ. સી એલ મીણા, આર સી કોડેકર, દક્ષેશ ઠાકર, ગીતાબેન શ્રોફનો સમાવેશ થાય છે. આ કમિટી તમામ પાસાનો અભ્યાસ કરીને ૪૫ દિવસમાં રાજ્ય સરકારને રિપોર્ટ આપશે. આ રિપોર્ટના આધારે સરકાર નિર્ણય કરશે.ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ કહ્યું હતું કે, તમામ વાયદા પૂરા કરવામાં આવી રહ્યા છે. સમયસર કામગીરી પૂર્ણ કરવામાં આવશે. એક જ નિયમોને આધારે રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. રંજનાબેન દેસાઈ ની નિમણૂક કરવા પાછળના કારણો અંગે જણાવ્યું હતું કે, તે ખૂબ અનુભવ ધરાવે છે. અનુભવના આધારે પસંદગી કરવામાં આવે છે. બહોળો અનુભવ છે અને સુપ્રિમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ છે. આદિવાસી અધિકારોને આ કાયદો અસર કરશે કે કેમ તે અંગે ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ઉત્તરાખંડ સરકારનું યુસીસી મોડેલ અદભુત છે. આ મોડેલમાં આદિવાસી સમાજના હકને યુ.સી.સી કાયદામાં લાવવામાં આવ્યો નથી. ગૃહ મંત્રીએ પણ ઝારખંડની સભા દરમિયાન કહ્યું હતું કે, આદિવાસી સમાજના રિવાજ તથા કાયદાનું સંરક્ષણ સંપૂર્ણ કરવામાં આવશે. ગુજરાતમાં ધર્મના આધારે રહેણાંકનું વિભાજન (અશાંત ધારો) છે એ ઘટના આધારિત નક્કી કરવામાં આવે છે એટલે આ મુદ્દો સુસંગત નથી. ૪૫ દિવસમાં રિપોર્ટ આવ્યા પછી મુખ્યમંત્રી નિર્ણય કરશે અને વિધાનસભામાં બિલ રજૂ કરવામાં આવશે. એચ.યુ.એફ. નો પણ અલાયદો કાયદો છે. કોઈ એક સમાજ માટે આ કાયદો નથી. ધર્મ સાથે જોડાયેલા લોકોને પણ આ કમિટી મળશે. રિપોર્ટમાં તમામ રિવ્યૂ રજૂ કરવામાં આવશે.

### વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટીવ થવાના કારણે અનેક રાજયોમાં માવઠું

# ૯ રાજયના ૧૪ જિલ્લાઓમાં ભારે વરસાદ

**૮ ફેબ્રુઆરીથી વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થશે**

ન્યુ દિલ્હી,તા.૦૪

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થવાને કારણે, દેશના ઉત્તરીય રાજ્યોમાં હવામાન ફરી એકવાર બદલાયું છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ સહિત ૯ રાજ્યોના ૧૪ જિલ્લાઓમાં સવારથી વરસાદ પડી રહ્યો છે. તેમજ, બંગાળ, ઓડિશા, આસામ અને સિક્કિમના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ધુમ્મસ છવાયું છે. ઉત્તર ભારતમાં, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડમાં વરસાદ તેમજ હિમાચલ પ્રદેશના ઊંચા પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા પડી રહી છે. રાજ્ય સરકારે પ્રવાસીઓને આ વિસ્તારોમાં જવાનું ટાળવાની સલાહ આપી છે. મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ જેવા મેદાનીય રાજ્યોમાં તાપમાન વધવા લાગ્યું છે. ફેબ્રુઆરીની શરૂઆતમાં અહીં મહત્તમ તાપમાન ૩૪° સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૮ ફેબ્રુઆરીથી વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ



એક્ટિવ થશે, જેના કારણે ઉત્તર ભારત અને મેદાનીય વિસ્તારોમાં ફરી એકવાર હવામાન બદલાશે.રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં ઝરમર વરસાદ પડ્યો. વહેલી સવારે જયપુર, અજમેર, સિરોહી, ઉદયપુર, રાજસમંદ, સવાઈ માધોપુર, ટોંક, પાલી, જાલોરમાં હળવો વરસાદ પડ્યો. હવામાન વિભાગે આજે વાદળછાયું વાતાવરણ અને કેટલાક સ્થળોએ હળવો વરસાદ કે ઝરમર વરસાદ પડવાની આગાહી કરી છે. આ ફેરફારને કારણે, આગામી બે દિવસમાં ઠંડી ફરી વધવાની ધારણા છે.સોમવારે રાજ્યમાં પહેલીવાર તાપમાનનો પારો ૩૪ ડિગ્રીને પાર ગયો. મંડલા અને સિઓની સૌથી ઠંડા રહ્યા. તેમજ, ભોપાલ, ઈન્દોર-ઉજ્જૈન સહિત ૧૪ શહેરોમાં પારો ૩૦ ડિગ્રીથી ઉપર રહ્યો. જોકે, ૨ દિવસ પછી પારો ફરી ગગડી શકે છે. ૧૨, ૧૩ અને ૧૪ ફેબ્રુઆરીએ વરસાદની આગાહી છે. ૨૦ ફેબ્રુઆરી પછી ઠંડીની અસર વધુ ઓછી થશે.







## શેરબજારમાં જોરદાર તેજી : સેન્સેક્સ ૧૩૯૭ પોઈન્ટના ઉછાળા સાથે બંધ, નિફ્ટી પણ વધ્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૪

મેક્સિકો અને કેનેડા પર ટેરિફ ૩૦ દિવસ માટે મુલતવી રાખવાના યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણયની અસર સ્થાનિક શેરબજાર પર પણ જોવા મળી. મંગળવારે શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક સેન્સેક્સ ટ્રેડિંગના અંતે ૧૩૯૭૦.૦૭ પોઈન્ટ ઉછળીને ૭૮,૫૮૩.૮૧ પર બંધ થયો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૭૮.૨ પોઈન્ટ વધીને ૨૩,૭૩૯.૨૫ પર બંધ થયો. જોકે, આટલા શાનદાર ઉછાળા છતાં, સેન્સેક્સ અને નિફ્ટી હજુ પણ તેમના રેકોર્ડ ઉચ્ચ સ્તરથી ૧૧ ટકા નીચે છે. ચીન પર હજુ પણ ટેરિફ છે, જે ટૂંક સમયમાં અમલમાં આવવાના છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ઉછાળો જોવા મળ્યો, જેમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૧%નો વધારો થયો.

આજના વેપારમાં મજબૂત તેજીને કારણે બીએસઈ-લિસ્ટેડ કંપનીઓનું કુલ બજાર મૂડીકરણ પાછલા સત્રના ૪૧૯.૫ લાખ કરોડથી વધીને ૪૨૫ લાખ કરોડ થયું, જેના કારણે



રોકાણકારો એક દિવસમાં લગભગ ૫.૫ લાખ કરોડથી વધુ ધનવાન બન્યા.

અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પર આયોજિત ટેરિફ બંધ કર્યા પછી બજાર લગભગ ૨ ટકાના વધારા સાથે બંધ થયું. આનાથી વધતા વેપાર તણાવમાંથી કામચલાઉ રાહત મળી. ૪ ફેબ્રુઆરીના રોજ બજાર મૂડીકરણમાં તીવ્ર વધારો જોવા મળ્યો. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના અણધાર્યા વલણને કારણે વૈશ્વિક બજારો અસ્થિર રહે છે, ત્યારે બજાર નિષ્ણાતો હવે ૭ ફેબ્રુઆરીના રોજ આરબીઆઈના નીતિગત નિર્ણય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આજના સેન્સેક્સના કારોબારના અંતે, લાર્સન એન્ડ ટુબ્રો (૪.૭૬%), ઈન્ડસઈન્ડ બેંક (૩.૫૦%), ટાટા મોટર્સ (૩.૩૮%), રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૩.૨૮%) અને અલ્ટ્રાટેક સિમેન્ટ (૨.૭૮%) વધ્યા હતા.









## ૨૮માંથી ૧૬ બેઠક કબ્જે કરી ભાજપે ભગવો લહેરાવ્યો

# જાફરાબાદ નગરપાલિકામાં ચૂંટણી પૂર્વે જ ભાજપનો કબજો

જાફરાબાદ,તા.૦૪


તસવીર : બાબુ વાટેળ

અમરેલી જિલ્લાના જાફરાબાદ નગરપાલિકા ચૂંટણીમાં સતત ત્રીજી વખત ભાજપનો વિજય થયો છે. આ ચૂંટણીમાં કુલ સાત વોર્ડમાંથી ૨૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, જેમાંથી ૧૬ સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ધારાસભ્ય હીરા સોલંકીની આગેવાનીમાં આ બિનહરીફ વરણી કરવામાં આવી હતી.ભાજપના વિજયથી સમર્થકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વિજયના આનંદમાં સમર્થકોએ ઢોલ-નગારા સાથે ઉજવણી કરી અને બિનહરીફ ચૂંટાયેલા સભ્યોને મોં મીઠું કરાવ્યું હતુ. જાફરાબાદ નગરપાલિકામાં સતત ત્રીજીવાર ભાજપનો ભગવો લહેરાતા કાર્યકરોમાં ઉમંગ જોવા મળ્યો હતો. આ વિજય સાથે ભાજપે શહેરમાં પોતાની મજબૂત પકડ સાબિત કરી છે. આગામી કાર્યકાળમાં ભાજપે પ્રજાલક્ષી અને વિકાસમય કામકાજ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# બગસરામાં તૂટેલી ગટર જાળી બની મોતનો ખાડો: અકસ્માતની ભીતિ

બગસરા, તા.૦૪


તસવીર : હાર્દિક બામટા

બગસરા શહેરના કુંકાવાવ નાકે આવેલી ભૂગર્ભ ગટરની જાળી તૂટેલી હાલતમાં હોવાથી ગંભીર અકસ્માતની આશંકા સેવાઈ રહી છે. અમરેલી અને રાજકોટ તરફ જતા આ મુખ્ય માર્ગ પર સતત વાહનોની અવરજવર રહે છે, જે કોઈપણ સમયે મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે. ૧૨થી ૧૫ ફૂટ ઊંડી આ ગટરમાં કોઈ વ્યક્તિ કે વાહન ખાબકે તો જીવલેણ સાબિત થઈ શકે છે. અગાઉ આ સ્થળે બે જાળી હતી, જેમાંથી એક જાળી વારંવાર તૂટવાને કારણે દૂર કરવામાં આવી હતી. હવે બાકી રહેલી એક માત્ર જાળી પણ બિસ્માર હાલતમાં છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, પાલિકા દ્વારા વારંવાર કરવામાં આવતું જાળીનું મરામત કામ નબળી ગુણવત્તાનું અને હલકી કક્ષાનું હોય છે, જેના કારણે જાળી વારંવાર તૂટી જાય છે.

# જાફરાબાદમાં પૈસાના જોરે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચાવવાનો કોંગ્રેસનો આક્ષેપ

જાફરાબાદ, તા.૦૪



જાફરાબાદમાં યોજાનારી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ દ્વારા નાણા આપીને કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ પરત ખેંચાવવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરૂએ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જાફરાબાદ નગરપાલિકામાં વર્ષોથી ભાજપના એક હથ્થુ શાસનથી લોકો કંટાળી ગયા હતા અને ગુંડાગીરી- દાદાગીરીથી ત્રસ્ત આવેલી જાફરાબાદની જનતા આ વખતે અલગ જ મૂડમાં હતી. આ સ્થિતિ જોઈને ભાજપવાળા ડરી ગયા એટલે ધાક-ધમકી અને લાખો રૂપિયા આપી તંત્ર સહારે કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ પરત ખેંચાવ્યા છે.

# લીલીયા તાલુકાની બેઠકમાં ભાજપનાં નવનિયુક્ત પ્રમુખ જીજ્ઞેશભાઈ સાવજનું સન્માન કરાયું

લીલીયા, તા.૦૪



લીલીયાના ગોઢાવદર ખાતે તાલુકા ભાજપના ઉપપ્રમુખ હિતેશભાઈ પરમારના નિવાસસ્થાને લીલીયા તાલુકા ભાજપના નવ નિયુક્ત પ્રમુખ તરીકે યુવાન જીજ્ઞેશભાઈ સાવજની નિમણૂક થતા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું જીજ્ઞેશભાઈ સાવજનુ સન્માન શાલ ઓઢાડીને ફોટો ફ્રેમ આપીને કરવામાં આવ્યુ હતુ. તેમજ સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ વિધાપીઠ ના ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ ભાણજીભાઈ બગડા ગુરુજી અને અમરેલી જિલ્લાના પ્રમુખ જીજ્ઞેશભાઈ દાફડાનુ સન્માન શાલ ઓઢાડી સન્માન કરવામા આવ્યુ હતુ. લીલીયા તાલુકા ભાજપના પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ દ્વારા તેમને સન્માન બદલ હિતેશભાઈ પરમાર તથા સર્વ આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમને સફળ બનાવવા હિતેશભાઈ પરમાર,હરજીભાઈ રાઠોડ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# સાવરકુંડલા રેલ્વે પરિવાર દ્વારા વસંત પંચમીનાં દિવસે સરસ્વતી પૂજા કરાઈ

સાવરકુંડલા, તા.૦૪



સાવરકુંડલા રેલ્વે પરિવાર દ્વારા આયોજિત સરસ્વતી પૂજા સમારોહ ખૂબ જ ધામધૂમથી સંપન્ન થયો હતો. આ આયોજન ૨૦૧૯ માં સ્થાપિત કરવામાં આવ્યો હતો અને દર વર્ષે શ્રી માં સરસ્વતી પૂજા સમિતિ દ્વારા આયોજિત કરવામાં આવે છે. આ વર્ષે પણ, સમારોહમાં રેલ્વે પરિવારના તમામ સભ્યોએ મળીને વસંત પંચમીના દિવસે માતા સરસ્વતીની મૂર્તિની સ્થાપિત કરવામાં આવી હતી માઁ સરસ્વતીની મૂર્તિને માટીમાંથી બનાવવામાં આવી હતી.

# લાઠીનાં શાખપુરમાં જગદીશભાઈ ત્રિવેદી દ્વારા નિર્મિત પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન

લાઠી, તા.૦૪



શાખપુર (લાઠી) ગામમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત પુસ્તકાલયનું ઉદ્ઘાટન થયું. આ પુસ્તકાલય ખાસ કરીને લાઠી તાલુકાના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે મદદરૂપ થવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. હીપાવડલીનાં લટુરીયા હનુમાનજી આશ્રમના સંત પૂજ્ય જશુબાપુ, વડોદરાના માર્ગીસ્મિત સ્વામી, અને અનેક લોકપ્રિય સમાજસેવી આચાર્ય સુનિલભાઈ ગોયાણી, મહેશભાઈ કાનાણી, ભરતભાઈ દેવૈયા વગેરે અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પુસ્તકાલય યુવાનોને નવો માર્ગ બતાવશે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશે.

# સતાધારના મહંત વિજયબાપુ અમરેલીની શ્રીજી વિદ્યાર્થી ભુવનની શુભેચ્છા મુલાકાતે

અમરેલી, તા.૦૪



સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ સતાધારના મહંત પૂજ્ય વિજયબાપુ એ અમરેલી સ્થિત શ્રીજી વિદ્યાર્થી ભુવનની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ગીરની ગોદમાં આવેલા આંબાઝર નદી કિનારાના પવિત્ર ગીગેવધામના મહંતશ્રીનું વિદ્યાર્થીઓએ પુષ્પોથી ભાવભર્યું સ્વાગત કર્યું હતું. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ પૂજ્ય બાપુને પુષ્પમાળા અર્પણ કરી આશીર્વાદ મેળવ્યા હતા. સંસ્થામાં ચાલતી શિક્ષણ, સંસ્કાર અને ગૌસંવર્ધનની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયેલા પૂજ્ય બાપુએ આપાગીગાની પ્રસાદીરૂપ શાલ અર્પણ કરી સંચાલકોને આશીર્વાદ પાઠવ્યા હતા.






# સા.કુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૪


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કેન્સર વિશે મહત્વપૂર્ણ માહિતી આપી, નિદાન અને સારવાર પદ્ધતિઓ સમજાવવામાં આવી હતી. કેન્સરથી બચવા માટે લક્ષણોની ઓળખ, આહાર, જીવનશૈલીમાં ફેરફાર અને વ્યસનમુક્તિના ફાયદાઓ પર ભાર આપવામાં આવ્યો હતો. આરોગ્ય મંદિરમાં કેન્સર નિદાન અને સારવાર મફતમાં ઉપલબ્ધ છે, જ્યાં અનુભવી ડોક્ટરો દર્દીઓની તંદુરસ્તી માટે કાર્યરત છે. "મારો અંગૂઠો કેન્સર પ્રતિરોધ માટે" અભિયાન અંતર્ગત ૪૦૦-૫૦૦ લોકોએ જાગૃતિ અને નિવારણ માટે સંકલ્પ લીધો હતો.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વસંત પંચમીની ઉમંગભેર ઉજવણી

અમરેલી, તા.૦૪



શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલીમાં વસંત પંચમીના પાવન પર્વે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સરસ્વતી માતા તથા શ્રી સહજાનંદ સ્વામી રચિત શિક્ષાપત્રીનું શ્રદ્ધાપૂર્વક પૂજન કર્યું હતું. સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ માતા સરસ્વતીને પુષ્પાંજલિ અર્પણ કરી પૂજન કર્યું હતું.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com


## :: કુલ મુખત્યારનામાની નકલ ખોવાયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમરેલી સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો અમરેલી તાબાના અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૫૨૫/૧ પૈકી ના સબ પ્લોટ નં. ૧૨/૧ થી ૩/૧ તથા ૧૨/ ૧ થી ૩/૨ ની કુલ ૧૪૪-૩૦ ચો. મી. વાળી મીલકત ઘનદાસભાઈ નાગજીભાઈ શેખવા ની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. જેઓની મીલકતનો ટાઈટલ કલીયર રીપોર્ટ માટેની માંગણી અમારી પાસે કરવામાં આવેલ છે.

આ ઉપરોકત મીલકતના ઉતરોતર દસ્તાવેજો પૈકી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૨૦૯, તા. ૧૪/૯/૨૦૦૬ ના રોજનો વેચાણ દસ્તાવેજ ડાયાભાઈ જીવરાજભાઈ ગજેરાના કુલ મુખત્યાર હરેશભાઈ પ્રાગજીભાઈ શીંગાળાએ કરી આપેલ છે, જે વેચાણ દસ્તાવેજ કરી આપનાર કુલ મુખત્યાર હરેશભાઈ પ્રાગજીભાઈ શીંગાળાના નામજોગ કુલ મુખત્યારનામાની નકલ જે તે સમયે હાલના માલીકને આપવામાં આવેલ હતી પરંતુ તેનાથી તેની નકલ કયાંક ખોવાઈ ગયેલ છે, તેવી માહીતી અમોને આપેલ છે, જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન - ૭ માં જાણ કરવા અગર પહોંચતા કરવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત મીલકતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબંધ હોય તો તે હકક— હીત સંબધેના જરૂરી આધાર પુરાવાઓ અમારી પાસે દિન - ૭ ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૫/૨/૨૦૨૫
અમરેલી.

અજય જે. રાઠોડ,
એડવોકેટ,
જુના માર્કેટયાર્ડ,પહેલા માળે,હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે,અમરેલી.
મો.નં.૯૮૨૪૯ ૩૦૩૧૬


મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# દુધાળા (બાઈ) ગામે રૂ.૧૪ કરોડના ખર્ચે બે મેજર બ્રિજનું કામ મંજૂર કરાવતા ધારાસભ્ય જનક તળાવીયા

લાઠી, તા.૦૪

લાઠીના દુધાળા ગામે બે નવા બ્રીજ મંજૂર થતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. લાઠી તાલુકાના દુધાળા બાઈ ગામમાં ૨ મેજર બ્રિજનું નિર્માણ રૂ.૧૪ કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યાં છે. માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર દ્વારા આ નવા બ્રિજની મંજૂરી



આપવામાં આવી છે, જેના પરિણામે આ વિસ્તારના લોકો માટે અવરજવર અને પરિવહન ઘણું સરળ બની જશે. આ નવા બ્રિજના નિર્માણથી, સ્થાનિક જનતા માટે દિન-પ્રતિદિનની સમસ્યાઓ હવે ભુતકાળ બનશે. છેલ્લાં ઘણા સમયથી હાલાકી ભોગવતા લોકોને હવે રાહત મળશે. આ પ્રોજેક્ટના માધ્યમથી, લાઠી, બાબરા અને દામનગર પંથકમાં વિવિધ વિકાસકારી પ્રોજેક્ટ માટે નવી શરતો તૈયાર થઈ છે. જનકભાઈ તળાવિયાના

**બ્રિજને કારણે લોકોની સમસ્યા હવે ભુતકાળ બનશે, ગ્રામજનોમાં આનંદની લાગણી**

પ્રયાસોથી રાજ્ય સરકાર પાસેથી કરોડો રૂપિયાનું ફંડ મંજુર કરાવવામાં ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસી જવા પામી છે.

# અમરેલી લેટરકાંડ : જવાબદારો સામે પગલા લેવા ડીજીપીને નોટીસ

**જો પગલા નહી લેવાય તો મામલો હાઈકોર્ટમાં લઈ જવાશે**

અમરેલી,તા.૦૪

બનાવટી લેટરકાંડમા રાજયના ડીજીપીએ એસએમસીના વડાને તપાસ સોંપ્યા બાદ નિર્લિપ્ત રાયે તપાસ પુર્ણ કરી દીધી છે અને હજુ જવાબદારો સામે પગલા લેવાયા નથી ત્યારે આજે પીડિત યુવતીના વકિલે રાજયના ડીજીપીને નોટીસ ફટકારી છે. હાઈકોર્ટના એડવોકેટ આનંદ યાજ્ઞિકે પોલીસ મહાનિર્દેશકને આપેલી નોટીસમા



જણાવ્યું છે કે કસ્ટોડીયલ ટોર્ચર અને મારપીટના કિસ્સામા પીડિતાની ફરિયાદ બાદ તપાસ ડીઆઈજી નિર્લિપ્ત રાયને સોંપવામા આવી હતી. જેના આધારે એસએમસીના ડીઆઈજી નિર્લિપ્ત રાયે તેમની ટીમ સાથે ૨૦ અને ૨૧મી તારીખે અમરેલી આવી તપાસ કરી હતી. અને તેમનો તપાસ રીપોર્ટ ડીજીપી ઓફિસને સોંપાયો છે. ત્યારબાદ ભુલ કરનાર પોલીસ અધિકારીઓ અને જવાબદારો સામે હજુ સુધી પગલા લેવાયા નથી જે તાકિદે લેવાવા જોઈએ. જો તેમ નહી થાય તો આ મામલો હાઈકોર્ટમા લઈ જવાશે.

# હડાળા ગામે મુરલીધર ગૌશાળામાં જીવામૃત પ્લાન્ટનું લોકાર્પણ કરાયું

અમરેલી, તા.૦૪

અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના સહયોગથી અમરેલી જિલ્લાના હડાળા ગામ સ્થિત મુરલીધર ગૌશાળામાં જીવામૃત પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્લાન્ટના માધ્યમથી પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતોને ફાયદો થશે. હાલ ગૌશાળા ખાતે ૧૦,૦૦૦ લીટર જીવામૃતનો પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. શરુઆતના તબક્કે ૨,૦૦૦ લીટર જીવામૃત બનાવવામાં આવ્યું હતું, જેનું વેચાણ શરુ થયું. વૈજ્ઞાનિક અભિગમ મુજબ જીવામૃત પાંચ થી સાત દિવસમાં તૈયાર થાય છે. પ્રારંભિક તબક્કે જીવામૃતના વેચાણની શરુઆત થતાં હડાળા ગામના ખેડુતો ખરીદી કરી છે. આગામી સમયમાં હડાળા સિવાયના ખેડુતો માટે પણ તે ઉપલબ્ધ થશે. આગામી ટૂંકા સમયગાળામાં ઘન જીવામૃતનું પણ વેચાણ શરુ કરવામાં આવશે.

# જાફરાબાદના વઢેરા ગામે માછીમારોને સંવર્ધન અને ટેકનોલોજી અંગે માહિતગાર કરાયા

અમરેલી,તા.૦૪

જાફરાબાદના વઢેરાના ૭૦ જેટલા માછીમારોને આજીવિકાસ સંવર્ધન અને નવીનતમ ટેકનોલોજી અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. પગડીયા માછીમારોને માછલીની જાળવણી અને માછલીનું મુલ્ય વર્ધન કેવી રીતે કરવું અને માછલીમાંથી વિવિધ પ્રોડક્ટ તૈયાર કરવા અવગત કરવા માટે ગીર સોમનાથનો પ્રેરણા પ્રવાસ યોજાયો



હતો. જીએચસીએલ ફાઉન્ડેશન છેલ્લા બે વર્ષથી કંપની આસપાસનાં મુખ્ય દરીયાઇ ગામોના નાના અને પગડીયા માછીમારી કરતા સમુદાયની આજીવીકામાં વધારો થાય તથા તેમના જીવન ધોરણમાં પરિવર્તન લાવવાના હેતુથી પ્રેરણા પ્રવાસનું આયોજન કરે છે. આ કાર્યક્રમમાં પગડીયા માછીમારોને દૈનિક માછીમારી કરવા માટે જરૂરી સાધન સહાય વિતરણ કરાઇ છે. સાથે સાથે માછીમારોને બચત મહત્વ, સરકારી લોક કલ્યાણ યોજનાઓમાં ભાગીદારી અને ક્ષમતા વર્ધન જેવી વિવિધ પ્રવૃતીઓ કરાવાઇ છે. ત્યારે જાફરાબાદ તાલુકાના વઢેરા ગામનાં ૭૦ જેટલા પગડીયા માછીમારોનો વેરાવળ ખાતે આવેલી કામધેનુ યુનિવર્સીટી મત્સ્ય વિજ્ઞાન મહા વિદ્યાલય પ્રેરણા પ્રવાસ યોજાયો હતો.

# લલ્લુભાઈ શેઠની પુણ્યતિથિએ પ્રાર્થનાસભાનું આયોજન કરાયું

સાવરકુંડલા,તા.૦૪



કુંડલા ગ્રામ સેવા મંડળ અને લલ્લુભાઈ શેઠ પ્રેરિત સંસ્થાઓ દ્વારા લલ્લુભાઈ શેઠની પુણ્યતિથિએ પ્રાર્થનાસભાનું આયોજન કરાયું હતુ. લોકભારતી સણોસરાના કુલપતિ ડો. રાજેન્દ્ર ખીમાણી અને ઉપ કુલપતિ ડો. વિશાલ ભાદાણીની ઉપસ્થિતિમાં આ પ્રાર્થનાસભા યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થના અને ભજનથી થઈ હતી. જે.વી. મોદી હાઈસ્કૂલના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતા અને મહિલા અધ્યાપન મંદિરની બહેનો સહિત અનેક કાર્યકરો જોડાયા હતા. વાદ્યવૃંદમાં પણ યુવાનોનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

નાનજીભાઈ વિઠલભાઈ લીંબાણી (ઉ.વ. ૯૧) હિંમતભાઈ અને ઘનશ્યામભાઈ નાનજીભાઈ લીંબાણીના પિતાશ્રી હતા. તેમનું અવસાન તા. ૦૨/૦૨/૨૦૨૫ને રવિવારના રોજ થયું હતું. સદગતનું બેસણું તા. ૦૬/૦૨/૨૦૨૫ને ગુરુવારના રોજ સવારે ૮ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાન, પટેલવાડી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# ધારીના સોઢાપરા ગામેથી સગીરાને યુવક ભગાડી ગયો

ધારી, તા.૪

ધારીના સોઢાપરા ગામેથી એક યુવક સગીરાને ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ આંબાગાળા ગામના યુવક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર દીકરીને લલચાવી, ફોસલાવી બદકામ કરવાના તથા લગ્ન કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઈ ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એમ.દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૨/૨૦૨૫

**અરજદાર :-** શ્રી નલીનભાઈ મહીપતભાઈ મહેતા
રહે. સરંભડા તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સરંભડા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામમાં નલીનભાઈ મહીપતભાઈ મહેતા તેઓના માતૃશ્રી સિવતાબેન મહીપતભાઈ મહેતાની મરણ (તા.૨૪/૦૭/૨૦૧૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૩૧/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-//તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//-**

જન્મ નોંધ અરજી રજી.નં.૮૬/૨૦૨૪

**અરજદાર :-** (૧)શ્રી ગોસાઇ પીયુષગીરી અરવિંદગીરી
રે.ક્રાંકચ, તા.લીલીયા, જિ.અમરેલી મો.૯૯૯૮૮ ૮૧૬૮૯

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** તલાટી કમ મંત્રી - વ - જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,ગ્રામ પંચાયત કચેરી, ક્રાંકચ,
તા.લીલીયા,જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ક્રાંકચ ગામના રહીશ શ્રી ગોસાઇ પીયુષગીરી અરવિંદગીરીએ તેમના પોતાનો જન્મ ક્રાંકચ મુકામે તા.૩૦/૦૩/૧૯૯૧ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ગોસાઇ પીયુષગીરી અરવિંગીરીના તેમના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૯૧ થયેલ નથી.હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા,જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા)
આનંદ
કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY
HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# ભારતની આ ટ્રેન છ વર્ષથી પાકિસ્તાનમાં ઉભી છે

ભારતની સંમજોતા એક્સપ્રેસ ટ્રેન પાકિસ્તાનમાં પાટા ઉપર છ વર્ષથી ઉભી છે.તેની પાછળનું રહસ્ય જાણીને તમે ચોંકી જશો.સમજૌતા એક્સપ્રેસ એક સમયે ભારત-પાકિસ્તાન મિત્રતાનું પ્રતીક હતી, તે છેલ્લા ૬ વર્ષથી પાકિસ્તાનમાં ઉભી છે. જાણો આ ભારતીય ટ્રેન કેમ ફસાઈ ગઈ છે, પુલવામા હુમલાનો તેની સાથે તેને સંબંધ છે. આજે પ્રશ્ન જાગે છે કે શું આ ટ્રેન ફરીથી દોડશે?ભારત અને પાકિસ્તાન બે પાડોશી દેશ છે જેઓ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદો છે. આ વિવાદોમાં મુખ્યત્વે કાશ્મીરનો મુદ્દો, સરહદ વિવાદો અને આતંકવાદનો સમાવેશ થાય છે.

કાશ્મીરનો મુદ્દો મહત્વપૂર્ણ છે. ૩૭૦ મી કલમ નાબુદ થયા બાદ પાકિસ્તાન નું ભારત વચ્ચેનું વલણ એકદમ બદલાઈ ગયું અને તેમણે કાશ્મીરને ભારતને છૂટું પાડવા માટે અને કાવા દાવા કર્યા ત્રાસવાદનો ઉપયોગ કર્યો પરંતુ કાશ્મીર હવે ભારતનો સ્વતંત્ર ભાગ બની ગયો અને આ વિકાસના નવા સપના સાકાર થયા આથી પાકિસ્તાન વધુ ભૂરાયુ થયું. કાશ્મીર એ ભારત અને પાકિસ્તાન વચ્ચેનો સૌથી મોટો વિવાદ છે. બંને દેશો કાશ્મીર પર પોતાનો દાવો કરે છે. આ વિવાદના કારણે બંને દેશો વચ્ચે ઘણા યુદ્ધો થયા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘણી જગ્યાએ સરહદ વિવાદો છે. આ વિવાદોના કારણે પણ બંને દેશો વચ્ચે તણાવ રહે છે. પાકિસ્તાન દ્વારા સમર્થિત આતંકવાદ પણ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં એક મોટો મુદ્દો છે. ભારતમાં થતા ઘણા આતંકવાદી હુમલાઓમાં પાકિસ્તાનનો હાથ હોવાનું માનવામાં આવે છે. આ વિવાદોના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો હંમેશા તંગ રહ્યા છે. જો કે, બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસો પણ થયા છે. પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ખટાશ આવ્યા બાદ, બંને દેશોના નાગરિકોની એકબીજાના દેશમાં અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. દરમિયાન, એવા પણ સમાચાર છે કે સંબંધોમાં ખટાશ આવવાને કારણે, છેલ્લા ૬ વર્ષથી પાકિસ્તાનમાં એક ભારતીય ટ્રેન ધૂળ ખાઈ રહી છે. ભારત અને પાકિસ્તાનના નાગરિકોને એકબીજાના દેશમાં લઈ જવા માટે સમજૌતા એક્સપ્રેસ ૨૨ જુલાઈ ૧૯૭૬ ના રોજ શરૂ કરવામાં આવી હતી. તે ભારતીય વડા પ્રધાન ઈન્દિરા ગાંધી અને પાકિસ્તાની વડા પ્રધાન ઝુલ્ફીકાર અલી ભુટ્ટો વચ્ચે થયેલા શિમલા કરાર (૧૯૭૧) હેઠળ શરૂ કરવામાં આવી હતી . આ ટ્રેન ભારતના અટારી (પંજાબ) થી પાકિસ્તાનના લાહોર સુધી ચાલતી હતી. ૧૯૯૪ માં તે દૈનિકથી ઘટાડીને અઠવાડિયામાં બે દિવસ કરવામાં આવ્યું. પુલવામા આતંકવાદી હુમલા (૨૦૧૯) પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ થયેલા આ હુમલામાં ૪૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા. આ પછી, ભારતે પાકિસ્તાન સાથેના તમામ રાજદ્વારી અને વેપાર સંબંધો પર પ્રતિબંધ મૂક્યો, જેમાં સમજૌતા એક્સપ્રેસ બંધ કરવાનો પણ સમાવેશ થાય છે. હવે પ્રશ્ન એ થાય છે કે સમજૌતા એક્સપ્રેસ પાકિસ્તાનમાં કેવી રીતે ફસાઈ ગઈ? જ્યારે ભારત-પાકિસ્તાન રેલ સેવા બંધ કરવામાં આવી ત્યારે ભારતના ૧૧ કોચ પાકિસ્તાનના લાહોર સ્ટેશન પર હતા. તેવી જ રીતે, પાકિસ્તાનના ૧૬ કોચ ભારતના અટારી સ્ટેશન પર ઉભા રહ્યા. આ ઘટનાને લગભગ ૬ વર્ષ વીતી ગયા છે, પરંતુ આ ટ્રેન હજુ પણ પાકિસ્તાનમાં ઉભી છે અને તેના કોચ કાટ લાગી ગયા છે. હાલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સામાન્ય થયા નથી, તેથી આ ટ્રેન ફરીથી દોડવાની શક્યતા ઓછી છે.

# કેન્દ્રીય નાણામંત્રીના બજેટને આવકારતા લાઠી-બાબરાના ધારાસભ્ય જનક તળાવીયા

**કેન્દ્રીય યોજનાનો લાભ લેવા ધારાસભ્યનો અનુરોધ**

અમરેલી,તા.૦૪

લાઠી- બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ કેન્દ્રીય બજેટ ૨૦૨૫ને દેશના વિકાસ માટે દિશાસૂચક ગણાવ્યું છે. તેઓએ ખાસ કરીને ખેડૂતો, મધ્યમ વર્ગ અને લઘુ-મધ્યમ ઉદ્યોગો માટે લેવામાં આવેલા નિર્ણયોનું સ્વાગત કર્યું હતુ. ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ માટે નવો ફંડ, પીએમ કિસાન સન્માન નિધિ અને કૃષિ સ્ટાર્ટઅપ્સ માટેની યોજનાઓ ખેડૂતો માટે લાભદાયી થશે. મધ્યમ વર્ગ માટે કરમાં રાહત અને ઘર ખરીદી માટેની સબસિડીથી આર્થિક સશક્તિકરણ થશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર



વિકાસ માટેના ફંડથી અમરેલી અને સૌરાષ્ટ્રમાં ઉદ્યોગો, રેલવે અને પોર્ટ્સ માટે નવી તકો મળશે. ડિજિટલ ઈન્ડિયા અને ટેક્નોલોજી ક્ષેત્રમાં થયેલા ફંડિંગ ભારતને ટેક્નોલોજીકલ હબ બનાવવામાં મદદ કરશે. ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આ બજેટને ૨૦૪૭ સુધી ભારતને વિકસિત દેશ બનાવવાની દિશામાં મજબૂત પગથિયું ગણાવી, નાગરિકોને યોજનાનો લાભ લેવા આહ્વાન કર્યું હતુ.

# રાભડા ગામે વાડીએ સસરાએ ઠપકો આપતાં પુત્રવધુએ ઝેરી દવા પીધી

**દામનગર પોલીસે વધુ તપાસ હાથ ધરી**

દામનગર, તા.૪

દામનગરના રાભડા ગામે વાડીએ રહેતી એક પરપ્રાંતીય પરિણીતાને તેના સસરાએ ઠપકો આપતાં ઝેરી દવા પીધી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પતિ-પત્ની વચ્ચે ડુંગળી ઉપાડવા બાબતે બોલાચાલી થઈ હતી. ભોગ બનનારના સસરા તેડી ગયા હતા.

તેમજ ભોગબનનારને તેના સસરાએ ઠપકો આપ્યો હતો. જેથી મનમાં લાગી આવતા ભોગબનનારે ભાગવી રાખેલ વાડીએ પોતે પોતાની મેળે મોનોકોટો નામની ઝેરી દવા પી લીધી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી લાઠી રોડ રેલવે ફાટક ડાયવર્ઝન પાસે મોબાઈલ પડી ગયો

**પોલીસ દ્વારા ફોનની કિંમત ૧૨,૦૦૦ જાહેર કરાઈ**

અમરેલી, તા.૪

અમરેલીમાંથી વધુ એક યુવકનો મોબાઈલ પડી ગયો હતો. દિપકભાઈ રણછોડભાઈ મહેતા (ઉવ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમનો મોબાઈલ ફોન લાઠી રોડ રેલ્વે ફાટક ડાયવર્ઝન પાસે પેન્ટના ખીસ્સામાંથી પડી જતા કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે ફોનની કિંમત ૧૨,૦૦૦ જાહેર થઈ હતી.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી જી સોચા વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાંથી અંધારામાં લપાતો છુપાતો યુવક પકડાયો

દામનગર, તા.૪

દામનગરમાથી અંધારામાં લપાતો છુપાતો યુવક પકડાયો હતો. વિપુલભાઈ રતિલાલ મકવાણા (ઉ.વ.૨૧) નામનો યુવક મોડી રાત્રીના અંધારામાં રખડતો ભટકતો લપાતો છુપાતો મળી આવી પકડાયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબસ કે.આર.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના કુંકાવાવ રોડ પર વીજ વાયર ઉંચા લેતા પક્ષીઓના જીવ બચશે

અમરેલી,તા.૦૪

અમરેલીના કુકાવાવ રોડપર વી.કે. ફાર્મની સામે પ્રતાપપરા એજીમાં અવારનવાર મૂંગા પક્ષીઓના જીવ જતા હોવાથી, ગ્રામ્ય પેટા વિભાગના નાયબ ઈજનેર ભવાણીના માર્ગદર્શન હેઠળ બી.જે. વાજા ટીમ દ્વારા જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા. સહકર્મચારી જે.કે. જોશી અને કે.ડી મહેતાએ એક્સીડન્ટ ઝોન વાળા સ્થળે પહોંચીને વાયર ઉંચા કરી અને યોગ્ય સુધારાઓ કર્યા હતા. વધુમાં, અમરેલી સર્કલના ડિવિઝન-૧ હેઠળ શહેર પેટા વિભાગમાં ગ્રાહકો માટે વધુ ઝડપી સેવા



ઉપલબ્ધ થઈ છે. ગ્રાહકો ફોલ્ટ નોંધાવે તે પછી સામાન્ય રીતે ૩ થી ૬ કલાકની અંદર તેનું નિરાકરણ આવે છે, જેથી ગ્રાહકોમાં ખુશીનો માહોલ છવાયો છે.

# સનાળીયા ગામના બસ સ્ટેન્ડ પાસે યુવકને માથાના ભાગે ધારીયાનો જીવલેણ ઘા માર્યો

**ઢીકાપાટુ મારીને જાનથી મારવાની ધમકી આપી**

લીલીયા, તા.૪

લીલીયાના સનાળીયા ગામના બસ સ્ટેન્ડ પાસે એક યુવકને માથાના ભાગે ધારીયાનો જીવલેણ ઘા મારવામાં આવ્યો હતો. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢ મારીને ગાળો આપી હતી. અમીષભાઈ ધીરૂભાઈ જાસલીયા (ઉ.વ.૩૫)એ અજયભાઈ ભીખાભાઈ મકવાણા, સાગરભાઈ ભીખાભાઈ મકવાણા તથા ભીખાભાઈ મનજીભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમનો સમાન ઈરાદો પાર પાડવા ગુન્હાહીત કાવતરૂ રચી તિક્ષ્ણ હથીયારો ધારણ કરી ધારીયાનો જીવલેણ ઘા માર્યો હતો. ઉપરાંત કુહાડીનો મરણતોલ ઘા કરી માર્યો હતો. તેમજ ઢીકાપાટુનો મુંઢ માર મારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ ભીખાભાઈ મનજીભાઈ મકવાણા (ઉ.વ-૫૧)એ અમીષભાઈ ધીરૂભાઈ જાસલીયા, લક્ષ્મણભાઈ ધીરૂભાઈ જાસલીયા તથા ધીરૂભાઈ પોપટભાઈ જાસલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને માથાના ભાગે તલવાર વડે સામાન્ય ઈજા પહોચાડી હતી. ઉપરાંત લોખંડના પાઈપ વડે સાહેદને આડેધડ માર માર્યો હતો અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ વાય એમ જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા નવા બસ સ્ટેન્ડની પાસેથી દારૂ-બીયરના ટીન ઝડપાયા

સાવરકુંડલા, તા.૪

સાવરકુંડલામાં નવા બસ સ્ટેન્ડની સામે આવકાર રેસ્ટોરન્ટ પાસે ખાડામાંથી દારૂની ૨૪ બોટલ ઝડપાઈ હતી. સલીમભાઈ ઉર્ફે જાવલો હબીબભાઈ કુરેશી (ઉ.વ.૪૨) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂના બીયરના ૨૪ ટીન ઝડપાયા હતા. રૂ.૩૪૮૦નો પ્રોહીબીશન મુદ્દામાલ ઝડપાયો હતો.

**પોલીસે ૧૦ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો**

રાજુલા, લીલાપીરની ધારે પાણીના વાલ પાસેથી ૧૦ લીટર દેશી દારૂ ઝડપાયો હતો. શેખ પીપરીયા, મોટા જીંજુડા અને સાવરકુંડલામાંથી એક-એક મળી કુલ ત્રણ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૫ | ૧૪૮૪ |
| ઘઉં લોકવન | ૫૭૫ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૯૦ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૮૩૦ | ૧૦૦૦ |
| જુવાર લાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૫૦ | ૪૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૩૫ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૧૪૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૯૫ |
| મગ | ૧૦૩૪ | ૧૭૭૮ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૧૦૦ |
| ચોળી | ૧૬૦૦ | ૨૭૦૦ |
| મઠ | ૭૧૧ | ૧૨૮૧ |
| કળથી | ૭૫૦ | ૮૫૦ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૨૦ |
| તલી | ૧૮૦૦ | ૨૦૯૯ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૩ |
| અજમો | ૧૮૫૧ | ૨૪૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૪ |
| સીંગફાડા | ૧૦૨૫ | ૧૨૬૨ |
| કાળા તલ | ૩૮૦૦ | ૫૧૪૦ |
| લસણ | ૯૫૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૨૨૦ | ૧૫૪૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૨૦૦ |
| ધાણી | ૧૨૬૦ | ૧૫૭૫ |
| વરીયાળી | ૧૨૧૧ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૪૨૫ | ૪૦૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૭૦ |
| રાયડો | ૮૫૦ | ૧૦૮૦ |
| રજકાનું બી | ૩૫૦૦ | ૩૬૦૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૦૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૫૧ |
| ડુંગળી સુકી | ૧૩૫ | ૪૧૦ |
| ટમેટા | ૫૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૫૦ | ૧૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૭૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૧૫૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| પરવર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૬૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૫૦ |
| બીટ | ૧૭૦ | ૨૫૦ |
| મેથી | ૧૦૦ | ૧૫૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૭૫૦ |
| ચણા લીલા | ૧૨૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૬૫૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૭૦ | ૧૧૦૫ |
| ગીરનાર શીંગ | ૧૦૬૦ | ૧૦૬૦ |

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૮૨૦ | ૧૦૯૬ |
| શિંગદાણા ફાડા | ૯૮૦ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૨૨૯૧ |
| તલ કાળા | ૪૨૮૦ | ૫૩૦૦ |
| તલ કાશ્મીરી | ૨૬૩૦ | ૨૬૩૦ |
| બાજરો | ૩૬૫ | ૫૫૬ |
| જુવાર | ૭૮૬ | ૧૧૬૫ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૭૯ |
| ઘઉં લોકવન | ૫૩૨ | ૬૪૦ |
| અડદ | ૧૩૫૪ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૫૫ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૬૬ |
| વાલ | ૧૨૦૪ | ૧૨૦૪ |
| કપાસ | ૯૧૦ | ૧૪૯૨ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૧ |
| જીરૂ | ૩૭૨૦ | ૩૮૮૦ |
| ધાણા | ૧૨૭૫ | ૧૪૨૫ |
| સોયાબીન | ૫૭૦ | ૭૮૪ |
| મરચા લાંબા | ૩૦૦ | ૩૪૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૩૨૦ |
| રીંગણાં | ૮૦૦ | ૧૦૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૧૨૦ |
| કોબીજ | ૪૦ | ૬૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૦ | ૧૪૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૧૬૦ | ૨૦૦ |
| કારેલા | ૭૧૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૧૦ | ૧૬૦ |
| કાકડી | ૩૨૦ | ૬૨૦ |
| ગુવાર | ૮૩૦ | ૧૨૩૦ |
| વાલોળ | ૧૩૦ | ૨૩૦ |
| વટાણાં | ૫૦૦ | ૬૦૦ |
| ચોળા લીલાં | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૬૧૦ | ૮૧૦ |

| | | |
|---|---|---|
| આમળા | ૬૫૦ | ૮૫૦ |
| ભીંડો | ૪૨૦ | ૭૨૦ |
| હળદર લીલી | ૭૨૦ | ૮૨૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૨૦ | ૧૭૦ |
| મેથીભાજી | ૧૨૦ | ૧૭૦ |
| ફુદીનો | ૫૪૦ | ૬૪૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૨૦૦ | ૬૦૦ |
| તુવેર | ૫૧૦ | ૬૧૦ |
| સરગવો | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૪૧૦ |
| મરચા લીલા | ૩૩૦ | ૫૩૦ |
| મરચા લાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૨૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૧૦૫૦ | ૧૬૫૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૯૦૦ |
| પાલક | ૨૨૦ | ૩૨૦ |
| વાલ | ૪૧૦ | ૫૧૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૦ |
| મગફળી | ૧૦૨૦ | ૧૦૭૨ |
| જુવાર સફેદ | ૭૭૫ | ૭૭૫ |
| સોયાબીન | ૬૯૧ | ૭૫૨ |
| તુવેર | ૧૦૦૩ | ૧૩૨૨ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૪૧ |
| ઘઉં લોકવન | ૫૭૮ | ૬૪૪ |
| ઘઉં ટુકડા | ૫૮૨ | ૭૨૧ |
| મગફળી જીણી | ૭૩૧ | ૧૦૮૧ |
| સિંગ ફાડીયા | ૮૧૧ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૯૨૧ | ૧૨૬૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૯૧ |
| વરીયાળી | ૫૫૧ | ૧૩૦૦ |

| | | |
|---|---|---|
| ધાણા | ૮૦૦ | ૧૬૮૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૮૨૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૫૧ |
| અડદ | ૧૦૧૧ | ૧૬૧૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૪૪૧ |
| રાય | ૭૬૧ | ૧૧૯૧ |
| મેથી | ૮૫૧ | ૧૧૯૧ |
| કાંગ | ૫૭૧ | ૯૨૧ |
| મરચા | ૫૦૧ | ૩૫૦૧ |
| મગફળી જાડી | ૬૨૧ | ૧૧૧૧ |
| નવા ધાણા | ૯૫૧ | ૧૭૭૬ |
| નવી ધાણી | ૧૩૦૦ | ૨૫૦૧ |
| નવું જીરૂ | ૪૧૭૧ | ૪૨૬૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૭૨૬ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૨૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૬૯૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૭૧ |
| જુવાર | ૪૯૧ | ૯૫૧ |
| મકાઇ | ૫૦૦ | ૫૧૧ |
| મગ | ૧૨૮૧ | ૧૮૯૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૮૧ |
| વાલ | ૬૨૧ | ૧૧૫૧ |
| ચોળા / ચોળી | ૧૭૦૧ | ૨૩૧૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૦૧ |
| ગોગળી | ૬૦૦ | ૯૪૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૮ | ૧૪૯૨ |
| કપાસ મીડીયમ | ૧૨૪૦ | ૧૩૮૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૬૪ | ૧૦૯૬ |
| મગફળી બી.ટી | ૧૦૦૨ | ૧૦૫૮ |
| તલ સફેદ | ૧૮૮૦ | ૨૦૭૦ |
| ઘઉં | ૫૪૩ | ૬૦૭ |
| જીરૂ | ૩૬૯૦ | ૩૮૦૦ |
| તુવેર | ૧૨૧૦ | ૧૩૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૮૨ | ૧૪૩૬ |
| મગફળી | ૯૦૦ | ૧૦૫૧ |
| તુવેર | ૧૨૦૧ | ૧૪૦૧ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૫૦ | ૧૦૮૩ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૦૮૧ |
| બાજરી હાઈબ્રીડ | ૫૫૦ | ૬૨૧ |
| ઘઉં | ૫૨૫ | ૬૩૮ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૮૨ |
| જુવાર | ૬૫૦ | ૧૦૫૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૮ |
| જા.તલ | ૨૨૦૦ | ૨૭૪૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૪૫ |
| સોયાબીન | ૭૧૧ | ૮૧૭ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| કપાસ | ૧૧૮૦ | ૧૪૪૪ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૪૧ | ૧૦૭૮ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| તલ પીળા | ૨૫૪૧ | ૨૫૫૧ |
| કપાસ | ૧૦૧૧ | ૧૪૨૫ |
| બાજરો | ૫૨૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૨ |
| જુવાર | ૫૨૫ | ૯૭૭ |
| મગ | ૨૧૩૬ | ૨૧૩૬ |
| અડદ | ૯૮૦ | ૯૮૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૨૬ |
| ચણા | ૧૦૬૧ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૬૦૧ | ૩૬૦૧ |
| સોયાબીન | ૭૪૦ | ૭૭૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૪૦૦ |
| મગફળી | ૭૪૫ | ૧૦૦૮ |
| ઘઉં | ૫૨૫ | ૫૩૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સફેદ તુવેર | ૧૧૩૦ | ૧૩૮૦ |
| લાલ તુવેર | ૧૧૮૦ | ૧૧૮૦ |
| શીંગ દાણા | ૧૦૭૦ | ૧૧૩૦ |
| મગ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| મકાઇ | ૫૬૧ | ૫૬૧ |
| સોયાબીન | ૬૫૦ | ૬૫૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૮૪ | ૧૧૧૧ |
| શીંગ મોટી | ૧૦૨૫ | ૧૨૩૪ |
| તલ સફેદ | ૨૦૭૦ | ૨૧૮૫ |
| તલ કાળા | ---- | ૪૩૦૦ |
| જીરૂ | ૩૫૮૦ | ૩૯૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૬૧ |
| બાજરો | ૫૦૦ | ૬૩૬ |
| જુવાર | ૫૦૦ | ૯૪૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૫૩ |
| અજમા | ૧૯૧૦ | ૨૨૦૦ |
| સોયાબીન | --- | ૭૭૨ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૮૭ | ૧૪૩૭ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૮૬ | ૧૦૩૨ |
| શીંગ ૩૯ | ૮૮૧ | ૧૦૩૮ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૭ | ૧૦૭૪ |
| એરંડા | ૯૦૦ | ૧૨૧૫ |
| જુવાર | ૪૭૪ | ૧૦૩૨ |
| બાજરી | ૫૫૦ | ૬૯૧ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૭૨૧ |
| અડદ | ૪૦૦ | ૧૩૨૪ |
| મગ દેશી | ૧૩૧૮ | ૨૦૦૪ |
| મઠ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૭૧૨ | ૮૦૦ |
| ચણા | ૮૭૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૮૩૩ | ૨૦૬૪ |
| તલ કાળા | ૫૪૦૦ | ૫૪૦૦ |
| તુવેર | ૧૨૫૮ | ૧૪૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૦૩ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૪૨૬ |
| કપાસ શંકર | ૧૨૮૩ | ૧૪૦૯ |
| નાળીયેર | ૫૦૪ | ૨૫૭૬ |

| જામનગર | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૮૦૦ |
| બાજરો | ૩૦૦ | ૫૦૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૨ |
| તુવેર | ૯૪૦ | ૧૨૦૦ |
| મઠ | ૭૦૦ | ૮૦૦ |
| વાલ | ૫૫૦ | ૧૨૨૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૫૦ |
| મગફળીજીણી | ૮૫૦ | ૧૦૫૦ |
| મગફળીજાડી | ૯૦૦ | ૧૦૯૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૦૨ |
| લસણ | ૭૦૦ | ૧૭૦૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૩૯૦૦ |
| અજમો | ૨૧૧૦ | ૪૫૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૫૦૦ |
| મરચા સુકા | ૪૦૦ | ૩૨૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૩૯ |
| ઘઉં લોકવન | ૫૪૧ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૭૭ | ૫૮૦ |
| ચણા | ૮૬૦ | ૧૦૨૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૫ |
| તુવેર | ૧૧૮૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૮૫૫ | ૧૧૪૫ |
| તલ સફેદ | ૧૯૪૦ | ૧૯૪૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૪૦૦ |
| મગફળી | ૭૪૫ | ૧૦૦૮ |
| ઘઉં | ૫૨૫ | ૫૩૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સફેદ તુવેર | ૧૧૩૦ | ૧૩૮૦ |
| લાલ તુવેર | ૧૧૮૦ | ૧૧૮૦ |
| શીંગ દાણા | ૧૦૭૦ | ૧૧૩૦ |
| મગ | ૧૧૭૦ | ૧૧૭૦ |
| મકાઈ | ૫૬૧ | ૫૬૧ |
| સોયાબીન | ૬૫૦ | ૬૫૦ |

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 05 ફેબ્રુઆરી, 2025
05



લાગે તો તીર : - અને ગુજરાત સરકારે એસ.ટી.ની વોલ્વો બસ મૂકી
06

# આવકવેરામાં રાહતો, ભાજપે મધ્યમ વર્ગને અંતે સાચવ્યો

**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા



ખુદા દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ.

નિર્મલા સીતારમણના ૨૦૨૫-૨૬ના નાણાંકીય વર્ષ માટેના કેન્દ્રીય બજેટ પછી દેશના મધ્યમ વર્ગ અને નોકરીયાત વર્ગની હાલત કંઈક આવી જ છે. મધ્યમ વર્ગ ભાજપની સરકાર આવકવેરા મુક્તિ મર્યાદામાં એકાદ લાખનો વધારો કરી દે એવી પ્રાર્થના કરતો હતો ત્યાં મોદી સરકારે સીધો જ સાડા પાંચ લાખનો વધારો કરી દીધો, નિર્મલા સીતારમણે બે વર્ષ પહેલાં જાહેર કરેલા આવકવેરાના ન્યુ રીજિમમાં ૭.૨૦ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહોતો લાગતો. આ વખતે એ મર્યાદા વધારીને સીધી ૧૨ લાખ રૂપિયા કરી દેવાઈ અને તેમાં સ્ટાન્ડર્ડ ડીડક્શનના ૭૫ હજાર રૂપિયા ઉમેરો તો હવે ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગશે નહીં. મતલબ કે, મહિનાની એક લાખ ને છ હજાર રૂપિયા સુધીની આવક હોય તો એક પૈસો પણ ઈન્કમટેક્સ પેટે નહીં ચૂકવવો પડે.



મોદી સરકારે લોકસભાની ચૂંટણીના પરિણામોના કારણે આ રાહતો આપવી પડી છે.

લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદી સળંગ ત્રીજી વાર ભાજપને સ્પષ્ટ બહુમતી ના અપાવી શક્યા પછી ભાજપે કમને પણ લોકોને રાહતો આપવા તરફ વળવું પડ્યું છે. તેના ભાગરૂપે સૌથી પહેલાં આયુષ્માન યોજનાનો લાભ ૭૦ વર્ષથી વધારે ઉંમરના લોકોને આપવાનો નિર્ણય લેવાયો હતો. એ પછી સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના જાહેર કરાઈ. અટલ બિહારી વાજપેયી સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ માટે પેન્શન રદ કરીને નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ) શરૂ કરાઈ તેની સામે કર્મચારીઓ લાંબા સમયથી વિરોધ કરીને જૂની પેન્શન યોજના લાગુ કરવાની માગ કરી રહ્યા હતા પણ મોદી સરકાર તેમની માગણીને ગણકારતી નહોતી. કોંગ્રેસ સહિતના વિપક્ષોની કેટલીક સરકારોએ જૂની પેન્શન યોજના દાખલ કરી તેની ભાજપના નેતા ટીકા કરતા હતા પણ લોકસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી ના મળતાં નવી યુનિફાઈડ પેન્શન સ્કીમની જાહેરાત કરી નાખી.

મોદી સરકારે આઠમું પગાર પંચ પણ જાહેર કરવું પડ્યું છે.

મોદી સરકાર સરકારી કર્મચારીઓ માટે હવે પછી નવું કોઈ પગાર પંચ નહીં આવે એવું વલણ અપનાવીને બેઠી હતી. કર્મચારીઓના પગારના કારણે સરકારના માથે બહુ બોજ આવે છે તેથી નવું પગાર પંચ નહીં જ આવે એવું ભાજપનું વલણ હતું પણ લોકસભાની ચૂંટણીમાં ૨૪૦ બેઠકો મળી પછી ભાજપ સરકારે સરકારી કર્મચારીઓને ખુશ કરવા નવા પગાર પંચની રચનાની જાહેરાત કરી નાખી. સાથે સાથે ૨૦૨૬થી તેનો અમલ કરવાની જાહેરાત પણ કરી નાખી.

આ જ સિલસિલો ચાલુ રાખીને હવે આવકવેરામાં રાહતો અપાઈ છે.

■■■

ભાજપે અંતે પ્રાયશ્ચિત કર્યું.

ભાજપે આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને અત્યાર સુધી મધ્યમ વર્ગના લોકો સાથે કરેલી છેતરપિંડી ને વચનદ્રોહનું પ્રાયશ્ચિત કર્યું છે. ભાજપ સત્તામાં નહોતો આવ્યો ત્યારે નોકરીયાતો અને મધ્યમ વર્ગને રીઝવવા માટે આવકવેરા મર્યાદા વધારીને પાંચ લાખ રૂપિયા કરવાની વાતો કરતો હતો. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં સત્તાવાર રીતે પોતાના ચૂંટણી ઢંઢેરામાં આ વચન આપેલું. તેના કારણે નોકરીયાતો ને મધ્યમ વર્ગને લાગ્યું કે, ભાજપ સત્તામાં આવશે તો ઈન્કમટેક્સ ઓછો ભરવો પડશે તેથી ફાયદો થશે. આ લાલચમાં મધ્યમ વર્ગ અને નોકરીયાતો ભાજપના પડખે થઈ ગયા. તેમના જોરે ભાજપ કેન્દ્રમાં સત્તામાં આવ્યો પણ સત્તામાં આવ્યા પછી ભાજપે કદી આ વચન ના પાળ્યું, બલ્કે ભાજપે સૌને બેવકૂફ બનાવ્યા.

મોદી ૨૦૧૪માં પહેલી વાર વડાપ્રધાન બન્યા ત્યારે અરૂણ જેટલી નાણાં પ્રધાન હતા. જેટલીએ પહેલા બજેટમાં આવકવેરાની મર્યાદામાં સામાન્ય વધારો કર્યો હતો પછી મધ્યમ વર્ગને બાજુ પર મૂકી દીધેલો. જેટલીએ મેડિક્લેઈમ માટેની આવકવેરા મુક્તિ મર્યાદા ૧૫,૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવાની ને પાંચ લાખ રૂપિયા સુધીની આવક પર ટેક્સ રીબેટ પાંચ હજાર રૂપિયા કરવાની નાની નાની રાહતો આપી પણ સામે સર્વિસ ટેક્સના દરોમાં વધારો કરીને ખંખેરી લીધા હતા.

જેટલીએ પોતાના છેલ્લા બજેટમાં ૪૦ હજાર રૂપિયા સ્ટાન્ડર્ડ ડીડક્શન તરીકે બાદ મળે એવી જાહેરાત કરીને મધ્યમ વર્ગને બારેક હજાર રૂપિયાનો ફાયદો કરાવેલો પણ એ પછી કોઈ રાહત ના મળી. જેટલી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પહેલા જ નાદુરસ્ત તબિયતના કારણે ખસી ગયેલા તેથી પિયૂષ ગોયલને નાણાં મંત્રી બનાવાયેલા.

પિયૂષ ગોયલે લોકસભાની ચૂંટણી પહેલાંના છેલ્લા બજેટમાં સ્ટાન્ડર્ડ ડીડક્શનની રકમ વધારીને ૫૦ હજાર રૂપિયા કરી હતી અને ૫ લાખ રૂપિયા સુધીની વ્યક્તિગત આવકને સંપૂર્ણ કરમુક્ત કરી દીધી હોય એ પ્રકારનું એલાન કરેલું પણ એ લોકોને બેવકૂફ બનાવવાનો ખેલ હતો.

નરેન્દ્ર મોદી ૨૦૧૯માં બીજી વાર લોકસભાની ચૂંટણી જીતીને ફરી વડાપ્રધાન બન્યા પછી નિર્મલા સીતારમણ નાણાં મંત્રી બનેલા. ૨૦૨૦માં ૧ ફેબ્રુઆરીએ નિર્મલાએ બજેટ રજૂ કર્યું ત્યારે આવકવેરાના બે સ્લેબ રજૂ કરીને કશુંક નવું કરવાનો પ્રયત્ન કરેલો પણ તેમાં પણ નોકરીયાતો અને મધ્યમ વર્ગને ઉલ્લુ બનાવ્યા હતા કેમ કે ન્યુ રીજિમમાં ૫ લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત હતી પણ સામે રાહતો જતી કરવી પડતી હતી. ઈન્કમટેક્સના કાયદા હેઠળ હોમ લોન વ્યાજ દર, સ્ટાન્ડર્ડ ડીડક્શન, પ્રોવિડંટ ફંડ સહિત અલગ અલગ સલામત રોકાણો, મેડિક્લેઈમ, સુકન્યા સમૃધ્ધિ યોજના, એલઆઈસી સહિતની કંપનીઓના વિમામાં કરાતું રોકાણ, એનપીએસમાં રોકાણ વગેરે સહિત સિત્તેર જેટલી અલગ અલગ રાહતો મળે છે. આ વ્યાજ, પ્રીમિયમ વગેરેની રકમ આવકવેરામાં બાદ મળે છે. ન્યુ રીજિમ પસંદ કરનારને કોઈ પણ રાહત ના મળે. નિર્મલાએ એ પછી આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને ૭ લાખ રૂપિયા કરી પણ તેનો કોઈ સીધો ફાયદો હતો નહીં.

આ વખતે લોકોને સીધો ફાયદો થયો છે.

■■■

મોદી સરકારે આવકવેરામાં રાહતો આપીને સારું કર્યું પણ ભારતમાં ખરી જરૂર ઈન્કમટેક્સની સંપૂર્ણ નાબૂદીની છે. દુનિયામાં સંખ્યાબંધ દેશ એવા છે કે જ્યાં સામાન્ય લોકોએ ઈન્કમટેક્સ જ નથી ભરવો પડતો. આ દેશોમાંથી મોટા ભાગના દેશો એવા છે કે જે અત્યંત સમૃધ્ધ હોવાથી લોકો પાસેથી ઈન્કમટેક્સ નથી લેતા. ભારતે પણ એવી સમૃધ્ધિ મેળવવી પડે.

દુનિયામાં પર્સનલ ઈન્કમટેક્સ ઝીરો હોય એવા દેશોની સંખ્યા ૫૯ છે. સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, બહરીન, ઓમાન, કુવૈત વગેરે ખાડી દેશોમાં ઈન્કમટેક્સ નથી લાગતો કેમ કે ક્રુડ ઓઈલ આધારિત ઈકોનોમી માટે વિદેશી નિષ્ણાતોને લાવવા પડે છે. તેમને આકર્ષવા ઈન્કમટેક્સ નથી લેવાતો. આ ઉપરાંત સંખ્યાબંધ દેશોમાં વસતીના પ્રમાણમાં આવક વધારે છે તેથી ઈન્કમટેક્સ નથી.

ભારતમાં વસતી વધારે છે અને આવક પણ ઓછી છે તેથી ઈન્કમટેક્સ લેવાય છે પણ આ ઈન્કમટેક્સનો વિકલ્પ વિચારવાની જરૂર છે. અત્યારે ભારતમાં ઈન્કમટેક્સની જે પધ્ધતિ છે તેમાં કરચોરી મોટા પ્રમાણમાં થાય છે. ખેડૂતોને રાહત આપવા ખેતીની આવક પર કોઈ ઈન્કમટેક્સ નથી લેવાતો પણ તેનો ભરપૂર દુરૂપયોગ થાય છે અને ભારે કરચોરી થાય છે.

આ કરચોરીને રોકવા માટે ઈન્કમટેક્સને સંપૂર્ણપણે નાબૂદ કરીને તેના સ્થાને ગુડ્સ કન્ઝમ્પશન ટેક્સ (જીસીટી), લક્ઝુરીયસ ટેક્સ કે બેંક ટ્રાન્ઝેક્શન ટેક્સ લગાવવો જોઈએ એવું અર્થશાસ્ત્રીઓ માને છે.

અટલ બિહારી વાજપેયીના સમયમાં પર્સનલ ઈન્કમટેક્સ સંપૂર્ણ નાબૂદ કરીને ગુડ્સ કન્ઝમ્પશન ટેક્સ (જીસીટી) અને બેંક ટ્રાન્ઝેક્શન ટેક્સ (બીટીટી) લાદવાના સૂચન થયા હતા. લોકો ચીજ-વસ્તુઓ કે સેવા વાપરે તેના પ્રમાણમાં જ ટેક્સ લેવાય તેને જીસીટી કહેવાય. અત્યારે જીએસટી લેવાય છે એ ગુડ્સ કન્ઝમ્પશન ટેક્સ (જીસીટી) ટેક્સ જ છે પણ તેનો રેટ બહુ ઓછો છે. તેના બદલે ઈન્કમટેક્સની જેમ જીસીટીમાં સ્લેબ બનાવી શકાય. ગરીબોના વપરાશની ચીજોને કરમુક્તિ, મધ્યમ વર્ગ વધારે વાપરતો હોય એવી ચીજો પર મધ્યમ ટેક્સ જ્યારે લક્ઝુરીયસ ચીજો પર બહુ ઉંચો ટેક્સ લેવાય એવું સૂચન કરાયું હતું.

બીટીટીમાં બેંકમાં થતા દરેક ટ્રાન્ઝેક્શન પર ચોક્કસ ટેક્સ લેવાની ફોર્મ્યુલા છે. અર્થશાસ્ત્રીઓના મતે, માત્ર એક ટકા બીટીટી લગાવાય તો પણ બીજા કોઈ કરની જરૂર જ ના પડે એટલી આવક થાય.

ભવિષ્યમાં આ પ્રકારના ટેક્સ આવી શકે.

■ sanjogpurti@gmail.com

# હે કહેવાતા લોકસાહિત્યકારો ! મુજરા ન કરો !

**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા



આમાં બીજી કોઈ મહાનતા નથી. આ તો રાજકારણ અને સાયકોલોજીનો વિષય છે. એવા ખરખરાના બહાને સમાધાન થઈ જાય. બાકી બેય એકબીજાથી ડરતા જ હોય. આવા પ્રસંગમાં ખાનદાની દાખવે તો સમાજમાં એકબીજાનું માન રહી જાય. બાકી એ ખાનદાની ખાલી રાજાઓમાં કે બહારવટિયાઓમાં જ નથી સાવ સામાન્ય જનતામાં પણ છે. આજે તમે આવા તમારા કોઈપણ દુશ્મનના આવા પ્રસંગે ખરખરો કરવા જાજો. એ પ્રસંગ પૂરતો તમારો કોઈ વાળ વાંકો નહીં કરે. પણ સામાન્ય માણસોની આવી કથાઓ કહેવાતા આવા લોકસાહિત્યકારો નહીં લખે. કારણ કે સામાન્ય માણસો પાસે આવા કહેવાતા લોકસાહિત્યકારોને બક્ષીશ આપવા માટે ખાસ કંઈ હોતું નથી. લોકસાહિત્યકારોએ ભૂતકાળના રાજાઓ, બહારવટિયાઓ વગેરેને જે લડાવ્યા ચડાવ્યા છે તેમાંથી અડધોઅડધ એ સમયની ભાટાઈ કે ચમચાગીરીથી વિશેષ કશું નથી. આજે પણ ઈમોશનલ અભણ લોકો લોકસાહિત્યકારોના આવા ડાયરાઓમાં આવી કથાઓ સાંભળીને ડોલી ઊઠે છે. જે લોકોને ઈમોશનલ બનવું જ છે તેમને કોણ રોકી શકે? સૌરાષ્ટ્રના ડાયરાઓ કરતાં મુંબઈના મુજરાઓની ક્વોલિટી ઠીક ઠીક ઉંચી હોય છે.

ભાવનગરના મહારાજા બેશક સારા હતા. ભાવનગરનો ગોહિલ રાજવંશ એમની ઉદાર રાજનીતિ માટે જાણીતો છે અને પ્રજા કલ્યાણ એમના હૃદયમાં વસતું હતું એ વાતનો પણ કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. પરંતુ કહેવાતા લોકસાહિત્યકારોએ તેમને વધારે પડતા જ મહાન ચિતર્યા છે. દાખલા તરીકે ભારતનું જ્યારે દેશ તરીકે નિર્માણ થઈ રહ્યું હતું ત્યારે ભાવનગરના મહારાજે સૌપ્રથમ પોતાનું રાજ્ય દેશના ચરણે ધરી દીધું હતું. એક ભાવનગરી તરીકે પણ આ બાબતે હું ગર્વનો અનુભવ કરું છું. પણ આ ગૌરવને એક વિનમ્રતાથી જ પેશ કરવું એ પણ મારી નીતિ રહી છે.

લોકસાહિત્યકારોએ આ રાજ્ય અર્પણ પ્રસંગને પણ અતિશય અતિશયોક્તિ સાથે પેશ કર્યો હોવાની ખરાબ ઘટનાઓ ઠેર ઠેર જોવા મળી રહી છે. અરે ભાઈ, વિનમ્રતાથી તો એમ કહેવું જોઈએ કે અમારા ભાવનગરના મહારાજાને દેશને સૌપ્રથમ પોતાનું રાજ્ય અર્પણ કરવાની તક મળી હતી. ભાવનગરના મહારાજ દૂરંદેશી હતા એટલે એમણે આ તક ઝડપી લીધી. વાસ્તવિકતા આટલી જ છે પણ એની મોટી મોટી મોણ નાખેલી કથાઓ લોકસાહિત્યકારો ગાઈ વગાડીને લોકો સમક્ષ પીરસે છે. પણ તો પછી વિચારો કે ભાવનગરના મહારાજે આ ઉપલી સપાટી ઉપર કહેવાતી ઉદારતાથી દેશને પોતાનું રાજ્ય અર્પણ કરી દેવાને બદલે પોતાનું રાજ્ય પોતાની જ પાસે રાખવાની જીદ કરી હોત તો ભાવનગરના મહારાજાની શું હાલત થઈ હોત? હૈદરાબાદના નિઝામ અથવા તો જૂનાગઢના નિઝામની શું હાલત થઈ હતી તેનો ઈતિહાસ જાણીતો છે. પોતાનું રાજ્ય નહીં આપવા ઈચ્છનાર બીજા અનેક રાજાઓની હાલત શું થઈ હતી તેની અનેક કહાનીઓ ઈતિહાસમાં સ્થાન આપવાથી શોભે નહીં તેવી હોવાથી વિલુપ્ત કરી દેવામાં આવી છે. એટલે એ બહેતર હતું કે ભાવનગરના મહારાજાએ માનભેર રહીને પોતાનું રાજ્ય દેશના ચરણે ધરી દીધું. આનાથી રાજાની આબરૂ પણ રહી ગઈ અને પ્રજાની આબરૂ પણ રહી ગઈ. આ તક ઝડપી લીધી એટલે ભાવનગરના રાજા એક સારા ડિપ્લોમેટ અને સમયને ઓળખી જનારા હતા એમ કહેવાય. અને એટલે જ બીજા અનેક રજવાડાઓની પ્રજા પોતાના રાજાનું શાસન જવાથી રાજી થઈ હતી પરંતુ આજે પણ ભાવનગરની જનતા એમના રાજવી પરિવારને ચાહે છે. બીજા અમુક રજવાડામાં જોઈ આવો. આઝાદી પહેલાના પોતાના રાજાઓના કાળા કર્મોની કથાઓની કાળી કહાનીઓ પ્રજા આજે પણ યાદ કરી રહી છે અને રાજાઓની યથાશક્તિ નિંદાઓ કરી રહી છે. ભાવનગરમાં એવું નથી થતું. પણ લોકસાહિત્યકારો ભાવનગરના રાજાઓની કથાઓને વધારે પડતી ગ્લોરીફાઈ કરે છે તે પણ બહુ ખરાબ કહેવાય. માખણના લોંદા ન મારો. જે ફેક્ટ છે તેને ફેક્ટ જ રહેવા દો.

એ સમયમાં વાણી સ્વાતંત્ર્ય નહોતું અને આજે આઝાદી પછી જે ખીલેલું પત્રકારત્વ છે તે પણ નહોતું. એટલે એ વખતે જે કંઈ લખાય એ અથવા તો જે કંઈ બોલાય એ બધું રાજાઓને ગમે એવું જ બોલવા લખવાનું લોકો પસંદ કરતા. એટલે આપણી પાસે ઘણી બધી ગપકથાઓ ફેક્ટ તરીકે આવી છે. બાકી એ સમયે પત્રકારત્વ હોત તો રાજા મહારાજાઓના અનેક કૌભાંડો પણ આપણી સામે આવ્યા હોત.

■ naranbaraiya277@gmail.com

# કુંભમેળો એ હિન્દુ આધ્યાત્મિકતાનું કેન્દ્ર

**સામાજિક અને શૈક્ષણિક**
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)





ભારતની ભવ્ય અને દિવ્ય સનાતન સંસ્કૃતિનો પ્રભાવ અને લગાવ સદીઓથી માનવજીવનમાં દેખાઈ રહ્યો છે. શિવ છે તો જીવ છે. નદીઓને લોકમાતા તરીકે ઓળખીએ છીએ. સમગ્ર સૃષ્ટિનું સર્જન કરનાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રિમૂર્તિ સમગ્ર સૃષ્ટિના સર્જનહાર અને તારણહાર છે. કુદરતે પ્રકૃતિની લ્હાણી કરી છે. ગંગા, યમુના અને સરસ્વતી ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ હોય ત્યાં સાક્ષાત દેવીઓના દર્શન અને પાવન થવાનો અવસર પ્રાપ્ત થાય છે. પ્રયાગરાજની પવિત્ર ભૂમિ વિશ્વના ટેકનોક્રેટ દેશોને પણ વૈચારિક ક્ષમતા કેળવવા માટે અંગૂલી નિર્દેશ કરે છે.

આ દેશની શ્રદ્ધા અને આસ્થા કેટલી ઉચ્ચ કક્ષાની છે તેના નિચોડની નોંધ કુંભમેળા દ્વારા વૈશ્વિક ફલક સુધી લેવાઈ રહી છે. વિશ્વ ભરના લોકો કુંભમેળામાં આવી રહયા છે. ગંગા મૈયાની ગોદમાં જીવન પવિત્ર અને નિર્મળ બને માટે શુદ્ધ જળમાં ડૂબકી મારવાનો ખગોળશાસ્ત્રીય અવસર ૧૪૪ વર્ષે આવ્યો છે.

મહાકુંભ મેળો ચોસઠ કળાએ ખીલી ઉઠ્યો છે. આખા જગતમાં સનાતન વૈદિક ધર્મની નોંધ લેવાઈ રહી છે. સનાતની હિન્દુ શ્રધ્ધાળુઓની આસ્થા અને ભવ્ય ભક્તિનો ધ્વજ ઊંચા આકાશમાં ફરકી રહ્યો છે. વિશ્વના બધા ધર્મના લોકો અચરજભરી દ્રષ્ટિથી સનાતની ભારત દેશ તરફ જોઈ રહ્યાં છે.

ભારતની ભવ્ય ભૂમિ સાધુ, સંતો, મહાત્માઓ અને આધ્યાત્મિક તેમજ સાક્ષરયોગી ધર્મપુરુષોની છે. લોકોની માન્યતા એવી છે કે કુંભમેળામાં સાધુઓ, સંતો, નાગા સાધુઓ અને અલ્પશિક્ષિત શ્રધ્ધાળુ ભાવિકો જ જતા હશે. આ વખતે સોશિયલ માધ્યમથી લોકોને જાણવા મળ્યું કે ભારતના પ્રબુદ્ધ અને બૌદ્ધિક લોકો કે જે હાયર એજ્યુકેશનની ડિગ્રી ધરાવતા ડોકટરો, વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો, બૌદ્ધિકો, ચિંતકો અને ઉચ્ચતમ કક્ષાના વૈજ્ઞાનિકો પણ મહાકુંભમાં જઈને ભક્તિના ભવ્ય અવસરે માતા ગંગાના પાણીમાં ડૂબકી લગાવીને ધન્યતા અનુભવી રહ્યાં છે.

ઉત્તર પ્રદેશની યોગી સરકારે માઈક્રો પ્લાનિંગ કરીને કુંભમેળાને આખરી ઓપ આપી દીધો છે. નગર મેં જોગી આયા, અહીંયા તો ખુદ યોગી છે પછી કહેવાનું ના જ હોય ! જેના હૃદયમાં મા ભારતી પ્રત્યે અનન્ય પ્રેમ હોય તેવા સાધુ મહાત્મા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી આ દેશની અસ્મિતા છે. આપણે આપણા ઘરે લગ્ન લઈએ તો પણ ચિંતાતુર થઈ જઈએ છીએ. આ તો ૫૦ કરોડથી વધુ લોકો પાવન અવસરમાં આવવાના છે.

૪૫ દિવસના કુંભમેળામાં આશરે ૪૫ કરોડ ભાવિકો પધારશે એવો અંદાજ છે. તેના કરતાં પણ વધારે આવશે. આ દેશમાં અત્યાર સુધી લૂંટારા આવ્યા હવે આ દેશની આધ્યાત્મિક સાંસ્કૃતિક વિરાસત જોવા આવશે. જગતના ઈતિહાસમાં કોઈપણ એક સ્થળે, એક ધર્મના કોઈ એક ખાસ મેળામાં આટલી મોટી સંખ્યામાં મનુષ્યો ભેગા થાય તે અજોડ ઘટના છે. પ્રયાગરાજ આજે દુનિયા પર રાજ કરી રહ્યું છે. સૃષ્ટિના સર્જનહાર દેવાધિદેવ ભગવાન ભોળાનાથના હાથમાં સર્જન, પાલન અને વિનાશ છે. તેમની કૃપા વગર કશું જ થાય એમ નથી.

આસ્થાના પ્રતીક સમા કુંભમેળામાં દેશ દુનિયાના લોકો આત્માના અવાજથી દર્શનાર્થે આવી રહ્યા છે. જેમકે કરોડોના ઔદ્યોગિક સામ્રાજ્યના સ્વામીની સુધામૂર્તી સાદી સાડીમાં ખભે થેલો લટકાવીને કુંભમેળામાં પધાર્યા છે. જગતના ધનકુબેર સ્ટીવ જોબ્સના પત્ની કુંભમેળામાં પહોંચી ગયા છે. શહેરી અને ગ્રામીણ બહેનો, માતાઓ અને દીકરીઓથી લઈને સુંદર ચમકતા ચહેરાવાળી સૌંદર્ય સામ્રાજ્ઞીઓ પણ કુંભમેળામાં ભક્તિથી ઝૂકેલા મસ્તકો લઈને ફરી રહી છે. કેટલાક વેપારીઓ અને નોકરીયાતો રજા મૂકીને આધ્યાત્મિકતાના અવસરમાં સહભાગી થયા છે.

ડોક્ટર શરદ ઠાકર લખે છે કે કેટલાય બુદ્ધિશાળી લોકો ભક્તિના વસ્ત્રો ધારણ કરીને મહાકુંભમાં પહોંચી ગયા છે. ૨૦૦ કરોડ રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા એક અબજોપતિનો યુવાન પુત્ર એના તમામ વ્યસનો ત્યાગીને પ્રયાગરાજમાં જઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવીને પોતાનો જીવન રાહ બદલવાની પ્રતિજ્ઞા કરી રહ્યો છે. ૭૦ વર્ષના એક લેડી ગાયનેકોલોજીસ્ટ જેમણે પોતાના જીવનકાળમાં હજારો બહેનોના ઓપરેશનો કર્યાં છે, માનવ શરીરના તમામ રહસ્યો જાણી લીધા છે તે મહાકુંભ મેળામાં જઈને ત્રિવેણી સંગમમાં શ્રધ્ધાપૂર્વક ૧૦૮ વખત ડૂબકી મારી રહ્યાં છે. શ્રદ્ધા કે ભક્તિની કોઈ સંખ્યા કે સીમા નથી હોતી. આ વર્ષના મહાકુંભે ભક્તિનું એવું ઘોડાપૂર સર્જી દીધું છે કે ભગવાન ન હોય તો પણ એણે જન્મ લેવો પડે. દોઢસો કરોડ હિન્દુઓની આસ્થા મહાદેવને પ્રગટ થવાની ફરજ પાડે એવા શ્રધ્ધાના પૂર ઉમટ્યાં છે.

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ તેમજ ઉત્તર પ્રદેશની યોગી સરકાર તેમજ પોલીસ પ્રશાસન વગેરેના ભગીરથ પ્રયાસથી ૧૪૪ વર્ષે આવેલો આ કુંભમેળો આ દેશની અસ્મિતા છે. પ્રવાસન સ્થળથી રાજ્યને આર્થિક લાભ થાય છે. દેશની આર્થિક ગતિવિધિ તેજ બને છે. લોકોની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વિરાસત વ્યાપક બને છે. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો 'ગર્વ સે કહો હમ હિન્દુ હૈ'.. આ દેશ ભારતીય અસ્મિતાનું જીવતું જાગતું આધ્યાત્મિક સ્વરૂપ છે. ■

Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



શાકને ખુલ્લું રાખીને ચઢાવવું કે ઢાંકીને?

શાકને ઢાંકીને ચઢાવવું જોઈએ. ખુલ્લુ રાખીને ચઢાવવાથી જે વરાળ નીકળે છે તેની સાથે તેના પોષક તત્વો પણ ઉડી જાય છે અને શાક નિઃસત્વ બને છે. તેથી તેને વઘાર્યા પછી ઓછામાં ઓછું હલાવવું અને ખુલ્લું રાખવું પડે તેમ કરવું. કેટલાક શાક કોરા જ કરવાના હોય દાખલા તરીકે ભીંડો તો એ ઢાંક્યા વગર કરી શકાય બાકી સર્વ સામાન્ય શાક ઢાંકીને ચઢાવાય.

એક વાર રાંધીને ઠંડી થયેલી રસોઈ ફરીથી ગરમ કરીને પીરસવી કે ગરમ કર્યા વગર?

ગરમ રસોઈ જમવી સ્વાસ્થ્ય માટે સારી બાબત છે. ગરમ રસોઈ જીભને પણ સારી લાગે છે પરંતુ એ માટે રસોઈ પહેલી વખત ગરમ થયેલી જ હોવી જોઈએ ચૂલેથી ઉતાર્યા પછી એની બધી વરાળ નીકળી જાય અને રસોઈ ઠંડી પડી જાય એટલી રાહ ન જોવી જોઈએ. રસોઈ જેમ જેમ ઠંડી થતી જાય તેમ તેમ એની સુપાચ્યતા ઓછી થતી જાય. ચાર કલાક વીતી જાય પછી રસોઈ વાસી થઈ ગણાય. ચાર કલાક દરમિયાન પણ ઠંડી થયેલી રસોઈ ગરમ કરવામાં આવે તો એની સુપાચ્યતા ઓછી થઈ જાય. તેથી ફરીથી રસોઈ ગરમ ન કરવી જોઈએ. એવું આગ્રહપૂર્વક કહેવામાં આવે છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

ફળોનો મિલ્ક શેક ગુણકારી કે અવગુણકારી કહેવાય?

મિલ્કશેક અવગુણકારી ગણાય. દૂધ પોતે ગુણકારી છે ફળો પણ ગુણકારી છે પરંતુ બંને સાથે ખાવા માટે વિરુદ્ધ આહાર ગણાય. વિરુદ્ધ આહાર સ્વાસ્થ્ય માટે હાનિકારક છે તે આમ ઉત્પન્ન કરે છે અને આગળ જતા ચામડીના, પેટના, લોહીના રોગો ઉત્પન્ન કરે છે. સીધે સીધા પણ ફળ અને દૂધ સાથે ન ખાવા જોઈએ. એમાં જો ફળ અને દૂધ ભેગા કરીને મિક્સરમાં નાખીને તેજ ગતિથી વલોવીને એકરસ કરવામાં આવે તો એ વધારે હાનિકારક બને છે. ફ્રીજમાં કે ડીપ ફ્રીઝમાં રાખીને ઠંડો કરવામાં આવે તો એથીય વધુ નુકસાન કરે છે. ફ્રીજમાં પણ કેટલોક સમય રાખી મૂકવામાં આવે તો એનામાં દોષ વધતો જ જાય છે. આ મિલ્કશેક બધી જ રીતે અવગુણકારી છે.

રસોઈમાં વપરાતા વીજળીથી ચાલતા યંત્રો વાપરવા જોઈએ કે નહીં?

બિલકુલ ન વાપરવા જોઈએ. આજના સમયમાં અત્યંત અણગમતો, અસ્વીકાર્ય અને અવ્યવહારિક લાગે એવો જવાબ છે પરંતુ યંત્રોથી થતો ગેરલાભ જાણીએ તો એનો ઉપયોગ કરવાનું બંધ કર્યા સિવાય ન રહીએ. યંત્રને કારણે પદાર્થ ઉપર થનારી કોઈપણ પ્રક્રિયાની ગતિ વધી જાય છે. ગતિ વધવાને કારણે ગરમી પેદા થાય છે એ ગરમીને કારણે પદાર્થના પોષક તત્વો બળી જાય છે પરિણામે પદાર્થ નિઃસત્વ (તત્વ વગરનો) બની જાય છે. આવા નિઃસત્વ પદાર્થો ખાવાને કારણે શરીરને પોષણ તો મળતું જ નથી, ઊલટાનું પાચનતંત્રને પદાર્થો પચાવવાનો શ્રમ વધારે કરવો પડે છે. છેવટે તો જે હેતુ માટે આપણે ખાઈએ છીએ એ હેતુ સરતો નથી.

આ બાબત ધ્યાનમાં રાખીને જ યંત્રો વાપરવા કે ન વાપરવા અંગેનો નિર્ણય વ્યક્તિએ કરવો જોઈએ.

હાથે ખાંડેલા મસાલા અને યંત્રથી દળેલા મસાલામાં શું ફેર?

હાથે ખાંડેલા મસાલામાં મનુષ્યના હાથની શક્તિ વપરાય છે સાથે સાથે મનુષ્યના હાથની ગતિથી મસાલા ખાંડવાનું કામ થાય છે. મનુષ્યના હાથની ગતિ પ્રાકૃતિક ગતિ હોય છે જ્યારે યંત્રની ગતિ અતિ ઝડપી અને અપ્રાકૃતિક હોય છે. અપ્રાકૃતિક ગતિને કારણે તીવ્ર ગરમી પેદા થાય છે એ ગરમીમાં મસાલાનાં બધાં જ પોષક તત્વો બળી જાય છે. તે પછી મસાલાનો રંગ અને સ્વાદ તો રહે છે પરંતુ સત્વની દ્રષ્ટિએ એ કચરો થઈ જાય છે અને પાચનતંત્ર ઉપર બોજ બની જાય છે.

હાથે ખાંડવામાં શ્રમ પડે છે અને તેથી આપણે જાતે મસાલા ખાંડતા નથી. પૈસા લઈને ખાંડનાર વ્યક્તિઓ સાથે માથાકૂટ કરવી પડે છે એ આપણને ગમતું નથી. એટલો આપણને સમય પણ હોતો નથી. હવે તો એવા ખાંડનારા પણ સહેલાઈથી મળતા નથી વળી હવે આખા વર્ષના મસાલા એકસાથે ખરીદીને ભરવાનું પણ પ્રચલન રહ્યું નથી. તેથી આપણે હાથે ખાંડવા ખંડાવવાને બદલે દળેલા મસાલા ખરીદવાનું પસંદ કરીએ છીએ. સ્વાસ્થ્યના ભોગે સગવડ સાચવવી એ ડહાપણનું કામ તો નથી જ, પણ કદાચ સાચી બાબત નથી જાણતા માટે આપણે સગવડને પ્રાધાન્ય આપીએ છીએ, સાચી બાબત જાણ્યા પછી આપણે આપણો અભિગમ બદલીએ પણ ખરા. (ક્રમશઃ)

hemangidmehta@gmail.com

# અને ગુજરાત સરકારે એસ.ટી.ની વોલ્વો બસ મૂકી



"બકા, આજકાલ ક્યાં રખડે છે ? કાંઈ મહાકૂંભ મેળામાં ડૂબકી લગાવવા ગયો હતો?"

"ના, બોસ ના. આપણા એવા ભાગ્ય ક્યાંથી.

અને ગુજરાત સરકારે એસ.ટી.ની વોલ્વો બસ મૂકી. પણ એક જ દિવસમાં એક મહિનાનું બુકિંગ થઈ ગયું. આપણા હાથમાં કશું જ ના આવ્યું. એટલે આપણે તો બોવ બોવ તો તળાવના કાંઠે જઈએ. અને વધારે ઉમંગ ચડે તો નદીમાં ડૂબકી લગાવીએ. બાકી, પ્રયાગનું સંગમ અને ગંગામાં ડૂબકી આપણા નસીબમાં નથી. અને આમેય એક જુના પક્ષવાળા કહે છે કે, ગંગામાં ડૂબકી મારવાથી ગરીબી હટી જવાની છે?? એટલે મને તો લાગે છે કે, આવા નિવેદનોથી ગરીબી તો નહીં હટે. ગરીબો જ હટી જશે."

"તો પછી તું આટલા દિવસ હતો ક્યાં? તારા ઉપવાસ અને ઘણા 'યના ઉપવાસ તો કયારના 'ય પુરા થઈ ગયા છે. એ લોકોએ હવે ખાવા (પીવાનું) શરૂ કરી દીધું છે. તોય તું.."



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"બોસ, બોસ... અમારે નાના માણહને મોટી ઉપાધી હોય. તમારી જેવું નથી. કે, બે બગડા બાવીસ થાય. અમારે તો માંડ માંડ બે બગડા ચાર થાય."

"હા પણ વાત શું છે? કાંઈ બોલ તો ખબર પડે."

"આ છોકરો ઉંમરલાયક થઈ ગ્યો છે. હવે એના લગન બગન કરવા પડશે ને."

"બકા, પાડ માન ભગવાનનો કે, તારો છોકરો વરી તો ગ્યો છે. બાકી, ગામમાં આંટો માર. ઠેક-ઠેકાણે તને નાથ મોયડા વગરના જ આંટા મારતા દેખાહે."

"તમારી વાત હાચી છે. મારા છોકરાંને છોકરી મળી ગઈ. બાકી હવે તો સપનામાંય છોકરી (મળતી) આવતી નથી."

"તો પછી, વાંધો શું છે ??"

"આ જૂઓને હોનાના ભાવ ક્યાં પુગ્યા. રાતે નો વધે એટલા દિવસે વધે છે. ૧૯૪૭ માં ભારતને આઝાદી મળી. ત્યારે હોનાના ભાવ દસ ગ્રામના ૧૦૨ રૂપિયા હતા.(હા..હા. બરાબર વાંચ્યુ. એકસોને બે રૂપિયા ) અને આજે એંસી પંચ્યાસી હજાર છે. આમાં છોકરાની જાન કેમ કરીને જોડવી ?"

"ભલા માણહ, આવી ચંત્યા નો કરાય. બગસરે વયુ જાવાય. બગસરા ક્યાં આઘું છે? ન્યા હોના જેવાં જ ઘરેણા મળે છે."

"ઈ આપડું કામ નઈ. ઈ હંધૂય મોટા માણસો કરી હકે. આપડી તો તરત જ વાતું થાય."

"તો પછી, આટલું બધું મોંઘું હોનુ તું કેમ કરાવીશ ?

હોનુ ઉધાર તો મળતું નથી. અને હવે તો હોના કરતાં 'ય ઘડામણ મોંઘું. એવો ઘાટ છે.

અને પેલા તો માંગ્યે ઘરેણે છોકરો પરણી જાતો. ઈ જમાનો તો હવે ગ્યો.

હવે તો પછેડી જેવડી જ હોડ તાણવી પડે. નહીંતર લગ્ન પછી હાથ ઊંચા કરવા પડે.

પણ..! હવે તું શું કરીશ ? એ તો કે."

"કરવાનું શું. એકાદ આંટો ચીન જઈ આવું."

"ચીનમાં ? ન્યાં વળી કોણ તારો હાઢુભાઈ રહે છે? એક તો બાજુના ગામમાં જ છે. તો પછી તારે હાઢુભાઈ કેટલા છે?"

"અમારે ગરીબ માણહને કેટલાંક હોય? બધા મળીને પાંચ છીએ. પણ હા, એમાં એકેય ચીનમાં નથી હોં."

"તો પછી તારે ચીન જાવું છે કેમ ? લોકો બધા ચાઈનાના માલથી છેટા ભાગે છે અને તારે હામે હાલીને ચાઈના જાવું છે??"

"હા પણ, ન્યાં ગ્યા વગર છૂટકો જ નથી."

"પણ, ફોડ પાડીને વાત તો કર કે, તારે ન્યાં હુકામ જાવું છે?"

"મેં હાંભળ્યું છે કે, ચાઈના વાળાએ નકલી હોનુ બનાવ્યું છે. જો ઈ હોનુ આપણા હાથમાં આવી જાય તો આપણો પ્રસંગ ઉકલી જાય."

"બકા બકા, તારી હાંભળવામાં મિસ્ટેક થઈ હશે. નકલી ખરું પણ ઈ તો નકલી હીરા બન્યા છે. જેને હવે લોકો લેબગ્રોન ડાયમંડ કહે છે. આ એની વાત હશે અને આ નકલી હીરાનો લાભ બે ટકાને જ મળ્યો છે. આ વાત એની હશે, હોનાની નય.

"બોસ... તમે મને હાવ નાંખી દીધાનો માનો છો!? તો પુછો આ અભણ અમથાલાલને. બોલો બોલો અમથાલાલ, આ નકલી હોનાની વાત હાસી કે નઈ ? હા ભાઈ હા. આ નકલી સોનાની વાત અસલી છે."

અને ઈ તો ચાઈનાની બેંકમાં એંસી ટન આવું સોનું પકડાયું ત્યારે ખબર પડી કે, આપડી 'ય કલઈ થઈ ગઈ છે. ચાઈનાએ તો આમાંય પ્રગતિ કરી લીધી છે. "અમથાલાલ, આ તમે શું બોલો છો? ચીન નકલી સૂર્ય બનાવવાની વાતું કરતું 'તું. અને દુનિયાભરને જેના ઉપર ભરોસો બેસે એવી ધાતું એટલે કે, નકલી હોનુ બનાવી નાંખ્યું ? કોરોના વખતે 'ય કોઈને ખબર પણ પડવા ના દીધી અને કોરોના વહેતો મૂકી દીધો 'તો. આવુ જ કામ એણે હોનામાં ય કર્યું? નકલી નકલીનો આખો કારોબાર તો ગુજરાત પાહે છે. અને નકલી હોનુ બનાવે તો ગુજરાત બનાવે. ચાઈના કેમ!??"આપડા નેતાઓનો પનો ટૂંકો પડયો. બીજું શું!!!"

kalubhaibhad123@gmail.com

# Happy Birthday...અમદાવાદ

ગુજરાતમાં સાગર સપાટીથી ૫૩ મીટર (૧૭૪ ફિટ)ની ઊંચાઈએ સાબરમતી નદી તટે વસેલા અમદાવાદ વિશે કહેવાય છે કે, 'જબ કુત્તે પર સસ્સા આયા, તબ બાદશાહને શહર બસાયા.' એવી પંક્તિ સાથે ૨૬ ફેબ્રુઆરી,૧૪૧૧ના દિવસે પાટણના બાદશાહ અહેમદશાહ બાદશાહે અમદાવાદની સ્થાપના કરી હતી. ભારતના માન્ચેસ્ટર ગણાતા અમદવાદની પ્રથમ ઈંટ માણેક બુર્જ ખાતે મૂકાયા પછી અહમદશાહે ગણેશબારી, ભદ્રનો કિલ્લો, મુહૂર્ત પોળ અને જુમ્મા મસ્જિદનો પાયો નાખ્યો હતો. અમદાવાદનું ઐતિહાસિક દીવાલ ધરાવતું શહેર ૨૦૧૭ની યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સિટીની યાદીમાં સ્થાન પામનાર ભારતનું પ્રથમ શહેર છે.

દંતકથા અનુસાર અહમદશાહ બાદશાહ પોતાના રાજ્યની રાજધાની વસાવવા માટેના સ્થળની શોધમાં હતા. જ્યારે તેઓ સાબરમતી નદીને કિનારે ટહેલતા હતા ત્યારે તેમણે એક સસલાંને કૂતરાનો પીછો કરતું જોઇ, તેની બહાદુરીનું કારનામું જોઇ, આ બહાદુરીના કારનામાથી પ્રભાવિત થઇ સાબરમતી નદી કિનારાના જંગલ વિસ્તારને પાટનગરની સ્થાપના માટે નક્કી કર્યો. આ બનાવ એક લોકપ્રિય કહેવતમાં વર્ણવેલ છે : જબ કુત્તે પે સસ્સા આયા, તબ બાદશાહને શહેર બસાયા.

શહેર ૪૬૪.૧૬ ચો. કિમી (૧૭૯ ચો. માઈલ) જેટલા વિસ્તારમાં ફેલાયેલું છે. શહેર એક સૂકા-રેતાળ વિસ્તારમાં આવેલું હતું. શહેરમાં અનેક તળાવો પૈકીનું સૌથી જાણીતું અને અમદાવાદની ઓળખસમું કાંકરિયા તળાવ ૧૪૫૧માં દિલ્હીના સુલતાન કુતુબ-ઉદ-દિન ઐબકે નિર્માણ કરાવ્યું હતું. એ ઉપરાંત વસ્ત્રાપુર, ચંડોળા, લાલબહાદુર શાસ્ત્રી, મલાવ અને બીબી તળાવ જેવાં તળાવ આવેલાં છે.

મહાત્મા ગાંધીએ સાબરમતી નદીના પશ્ચિમ તટે કોચરબ આશ્રમની સ્થાપના કરી, જે આજે કસ્તુરબા આશ્રમના નામે ઓળખાય છે. બીજો આશ્રમ સાબરમતી વિસ્તારમાં સ્થાપ્યો, જે ગાંધી આશ્રમના નામે ઓળખાય છે. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના ગાંધીજીએ ૧૯૨૦માં અમદાવાદમાં કરી હતી.

ડો.વિક્રમ સારાભાઈના સહયોગથી ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર(ઈસરો), ટેક્ષટાઈલ સંશોધન કેન્દ્ર (અટીરા) અને ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા (પી. આર.એલ.) અમદાવાદમાં સ્થપાયા હતા. ભારત અને એશિયાની પ્રથમકક્ષાની સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ ઉપરાંત નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી અને પ્લાઝમા અનુસંધાન સંસ્થાન પણ અમદાવાદમાં આવેલ છે. અમદાવાદ આજે અન્ય મેટ્રો શહેર જેવાં કે મુંબઈ, દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈની સમકક્ષનું શહેર બની ગયું છે. યૂનેસ્કોના વર્લ્ડ હેરીટેઝ સિટી(વર્ષ ૨૦૧૭)માં સ્થાન મેળવનારું અમદાવાદ ભારતનું પ્રથમ શહેર છે. વિશ્વ ધરોહરમાં સામેલ અમદાવાદ ઈતિહાસ, પરંપરા અને આધુનિકતાનો સંગમ છે. આ શહેરમાં સદીઓ જૂની પોળો અને મસ્જિદોની વાસ્તુકલા જોવાલાયક છે, તો સાબરમતી નદી પર બનેલો અટલ બ્રિજ નવું સ્પોટ અને સેલ્ફી પોઈન્ટ છે.

"પ્રવાસનામા

જયસ્વી પટેલ

- ભદ્રકાળી મંદિર :

ગુજરાતમાં વાઘેલા વંશના રાજા કર્ણદેવે આશરે ૧૩મી સદીમાં સ્થાપેલા ભદ્રકાળી મંદિરમાં બિરાજમાન મા ભદ્રકાળી અમદાવાદના નગરદેવી છે. શહેરના કે બહારગામથી આવતા લોકો આજે પણ સૌપ્રથમ મા ભદ્રકાળીના ચરણોમાં શીશ ઝૂકાવે છે. મુઘલ શાસકો,




અહેમદશાહ બાદશાહ, મરાઠા શાસકો અને બ્રિટિશ અમલદારો પણ મા ભદ્રકાળી પ્રત્યે ઊંડી આસ્થા ધરાવતા હતા. શહેરના રક્ષણ માટે બંધાવેલા ભદ્રના કિલ્લાની રક્ષા મા ભદ્રકાળી કરે છે. મા ભદ્રકાળીનો પરચો થતાં મુઘલ સુબા આઝમખાને દર નવરાત્રિમાં માતાજીને ચુંદડી ચઢાવવાની પરંપરા શરૂ કરી હતી.

પ્રાચીન અને ઐતિહાસિક નગરદેવી ભદ્રકાળી મંદિર સાથે અનેક લોકવાયકા જોડાયેલી છે, જેમાંની એક માતાજીના હાથ સાથે જોડાયેલી લોકવાયકા મુજબ નગરદેવી ભદ્રકાળી જ્યારે અમદાવાદ છોડીને જતાં હતાં ત્યારે દરબારે તેમને અટકાવ્યા, ત્યારે મા ભદ્રકાળી થાકી ગયા હતા. તેમણે પોતાનો હાથ કિલ્લાના દરવાજા પર મુક્યો ત્યારથી મા ભદ્રકાળીના હાથની છાપ ત્યાં બની ગઈ હોઈ, આજે ય માતાજીનો હાથ કિલ્લા પર જોવા મળે છે. આ મંદિરમાં નવરાત્રિમાં આઠમની રાતે હવન શરુ થાય છે, જે સવારે પૂર્ણ થાય છે.

- સીદી સૈયદની જાળી :

સીદી સૈયદની જાળી એ અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં આવેલી છે, સીદી સૈયદ મસ્જિદની એક દીવાલ પર આ પ્રખ્યાત જાળી બનેલી છે. જાળીની પહોળાઈ દસ ફૂટ અને ઊંચાઈ સાત ફૂટ છે. જે નક્શીકામનો બેજોડ નમૂનો ગણાય છે. મસ્જિદમાં આવી ૪ જાળી છે. ઈ.સ. ૧૫૭૨-૭૩માં બંધાયેલી આ જાળીની કોતરણીની નજાકત



આજેય જળવાયેલી છે. જાળીની ખાસિયતમાં ખજૂરીનું ઝાડ અને વૃક્ષની ડાળીઓ છે. આ આખી જાળી એક જ પથ્થરમાંથી કંડારી છે, પરંતુ અલગ અલગ ટુકડા પર કોતરણી કરી સાંધ્યા છે. જાળીમાં પથ્થરના બદલે કપડાં પર ભરતકામ કર્યું હોય તેવી બેનમૂન લાગે છે. જેથી એક જ જાળીમાં ચિત્રકામ, નકશીકામ, સુથારીકામ અને કડિયાકામનો વિરલ સંગમ જોવા મળે છે. આટલા વર્ષ પછી પણ આજે ય જાળી મૂળ સ્વરૂપે જળવાયેલી છે. અમદાવાદની પ્રસિદ્ધ ઈમારતોમાંની એક હોવાથી આ જાળી અમદાવાદના ચિહ્નરુપે વપરાય છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટે જાળીને પોતાના પ્રતીકમાં સ્થાન આપ્યું છે.

- કાંકરિયા તળાવ :

અમદાવાદનું સૌથી મોટું તળાવ એટલે કાંકરિયા તળાવ.



મણિનગરમાં આવેલા આ તળાવનો પરિઘ આશરે ૨.૫ કિલોમીટર છે. આ તળાવ સુલતાન કુતુબુદ્દીન અહમદશાહ બીજાએ ૧૫મી સદીમાં બંધાવેલું, જેનું બાંધકામ ૧૪૫૧માં પૂર્ણ થયું તે સમયે તે "કુતુબ-હૌજ કે હૌજ-એ-કુતુબ"ના નામે જાણીતું હતું. સહેલાણીઓનું અને પ્રેમીપાત્રોનું આકર્ષણ સ્થળ ગણાતા કાંકરિયા તળાવ પાસે હરવા-ફરવા, જોવા-જાણવા અને ખાણી-પીણી માણવાની ઘણી સુવિધા છે. બારેય માસ સવારથી મોડી રાત સુધી અહીં લોકોની અવરજવર રહે છે. કાંકરિયા પાસે અંબુભાઈ વ્યાયામશાળા, નગીનાવાડીમાં માછલીઘર, પ્રાણી સંગ્રહાલય અને બાલવાટિકા આવેલાં છે. દર વર્ષે ૨૫-૩૧ ડિસેમ્બર દરમિયાન સાંસ્કૃતિક-સામાજિક કાર્યક્રમસભર કાંકરિયા કાર્નિવલ યોજાય છે.

- અટલ એક્સપ્રેસ :

અટલ એક્સપ્રેસ નામક ટ્રેન જેનું નામ ભારતના પૂર્વ વડાપ્રધાન



અટલ બિહારી વાજપેયીનાં નામ પરથી રખાયું છે. આ ટ્રેન તળાવની ફરતે ૨.૪ માઈલ (૩.૯ કિમી) ના પથ પર ચાલે છે. ૧૫૦ વ્યક્તિની ક્ષમતા ધરાવતી આ ટ્રેન સેવર્ન લેમ્બ નામની કંપનીએ બનાવેલી છે.

- કિડ્ઝ સિટી :



કિડ્ઝ સિટી એ નાના બાળકો માટે રચાયેલું નાનું સરખું વિશ્વ છે. ૪,૨૪૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ વિસ્તારમાં ૧૮ ઉપરાંત પ્રવૃત્તિ કેન્દ્ર છે. જેમાં બેંક, અગ્નિશામક હાઉસ, રેડિયો સ્ટેશન, પોલીસ સ્ટેશન, કોર્ટ હાઉસનો સમાવેશ થાય છે.

sanjogpurti@gmail.com

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# દિલ્હી વિધાનસભાનું આજે મતદાન, પોલીસ તંત્ર દ્વારા જબડેસલાક સુરક્ષા વ્યવસ્થા

નવીદિલ્હી,તા.૪

દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે આવતીકાલે કડક બંદોબસ્ત વચ્ચે મતદાન યોજાશે.ચુંટણી પંચ દ્વારા મતદાન નિષ્પક્ષ અને ન્યાયી બને તે માટે સંપૂર્ણ તૈયારીઓ પુરી કરવામાં આવી છે.મતદાન દરમિયાન કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દિલ્હીમાં ચૂંટણીના મેદાન પર વિવિધ પ્રકારના દાવ લગાવવામાં આવી રહ્યા છે. દિલ્હી વિધાનસભા ચુંટણી માટે વડાપ્રધાન



નરેન્દ્ર મોદી,ગૃહમંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓએ ભાજપ માટે પ્રચાર કર્યો હતો જયારે આપ માટે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ,મુખ્યમંત્રી આતિશી,આપના નેતાઓએ ચુંટણી પ્રચાર કર્યો હતો જયારે કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી,સોનિયા ગાંધી સહિતના નેતાઓએ પ્રચાર કર્યો હતે. ચૂંટણી પર નજર રાખનારા પત્રકારો, મતદાન કરનારાઓ અને અન્ય લોકો આ પગલાંનું અલગ અલગ રીતે અર્થઘટન કરી રહ્યા છે. ન્યૂઝ વેબસાઈટ પર પ્રકાશિત એક લેખમાં વંદિતા મિશ્રા લખે છે, ’એક તરફ આમ આદમી પાર્ટી છે જે ૧૧ વર્ષથી શાસન કરી રહી છે. બીજી તરફ, કેન્દ્રમાં સતત ત્રીજી વખત સત્તા પર આવેલા મોદી-ભાજપ ૨૭ વર્ષથી દિલ્હીમાં સત્તાથી બહાર હોવાને કારણે બેચેન છે.

# પ્રધાનમંત્રી મોદી આજે પ્રયાગરાજ ખાતે મહાકુંભની મુલાકાત લેશે, સંગમમાં પવિત્ર ડુબકી પણ લગાવશે

પ્રયાગરાજ,તા.૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૫ ફેબ્રુઆરીએ પ્રયાગરાજ મહાકુંભની મુલાકાત લેશે જ્યાં તેઓ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવશે. બુધવારે, માઘ મહિનાની અષ્ટમી તિથિના રોજ, શુભ મુહૂર્ત દરમિયાન, તેઓ પવિત્ર ત્રિવેણીમાં પવિત્ર ડૂબકી લગાવશે. સ્નાન પછી, તેઓ સંગમ કિનારે ગંગાની પૂજા કરશે અને દેશવાસીઓના કલ્યાણ માટે પ્રાર્થના કરશે. પ્રધાનમંત્રી આવતીકાલે સવારે ૧૦ વાગ્યે મહાકુંભ પહોંચશે. અહીંથી તે અરૈલ ઘાટથી બોટ દ્વારા સંગમ જશે. એકંદરે, પીએમ મોદી પ્રયાગરાજમાં લગભગ



એક કલાક રોકાશે. આ સમય દરમિયાન, આપણે સ્નાન કરીશું અને ગંગાની પૂજા કરીશું અને પછી પાછા ફરીશું. મહાકુંભ પહેલા, ૧૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, પ્રધાનમંત્રીએ સંગમ કિનારે ગંગાની આરતી અને પૂજા કરી હતી અને આ મેગા ઈવેન્ટની સફળતાપૂર્વક પૂર્ણતા માટે પ્રાર્થના કરી હતી. તેઓ ૨૦૧૯ ના કુંભની શરૂઆતમાં અને પછી પણ આવ્યા હતા. મહાકુંભ નગરમાં પીએમ મોદીનો લગભગ એક કલાકનો કાર્યક્રમ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. તેઓ બુધવારે સવારે લગભગ ૧૦ વાગ્યે ખાસ વિમાન દ્વારા બામરૌલી એરપોર્ટ પહોંચશે.આ પછી, ત્રણ સેના હેલિકોપ્ટર અરૈલમાં ડીપીએસ ગ્રાઉન્ડના હેલિપેડ પર ઉતરશે, જ્યાંથી તેઓ કાર દ્વારા વીઆઈપી જેટી જશે.

# મહારાષ્ટ્રમાં સરકારી કચેરીઓમાં મરાઠી ફરજિયાત બોલવા સરકારનો આદેશ

(એચ.એસ.એલ),મુંબઇ,તા.૪

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાને પ્રોત્સાહન આપવા માટે દેવેન્દ્ર ફડણવીસ સરકારે એક મોટો નિર્ણય લીધો છે. હવે મહારાષ્ટ્રમાં, તમામ સરકારી, અર્ધ-સરકારી અને મ્યુનિસિપલ કચેરીઓમાં મરાઠી બોલવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. મરાઠી ભાષામાં વાત કરવા માટે, ઓફિસમાં સાઈન બોર્ડ લગાવવા પડશે. મળતી માહિતી મુજબ, સરકારી કચેરીઓમાં કોમ્પ્યુટર કીબોર્ડ પણ મરાઠી ભાષામાં હશે. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, સરકારી કચેરીઓમાં મરાઠી ભાષાનો ઉપયોગ ન કરનારાઓ સામે કાર્યવાહી કરવાની પણ તૈયારી ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, એવું કહેવામાં આવ્યું છે કે મરાઠી ભાષાનો ઉપયોગ કરવાનો ઈનકાર કરનારાઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પુણેના ફર્ગ્યુસન કોલેજ ખાતે ત્રીજા વિશ્વ મરાઠી સંમેલનને સંબોધિત કર્યું હતું.

# હિંદ મહાસાગર બનશે અખાડો, ભારતની ત્રીજી પરમાણુ સબમરીન સામેલ કરવાની તૈયારી

નવીદિલ્હી, તા.૪

દક્ષિણ ચીન સમુદ્ર પછી હવે હિંદ મહાસાગરમાં પણ શસ્ત્રોની સ્પર્ધા તેજ બની રહી છે. ચીની નૌકાદળની વધતી હાજરી વચ્ચે, ભારત હવે તેની ત્રીજી પરમાણુ સંચાલિત સબમરીનનો સમાવેશ કરવા જઈ રહ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ભારતીય પરમાણુ સબમરીન આ વર્ષના અંતમાં સામેલ કરવામાં આવશે. આ કિલર સબમરીનને ભારતીય નૌકાદળમાં એવા સમયે સામેલ કરવામાં આવી રહી છે જ્યારે પાકિસ્તાન નૌકાદળ ચીન અને તુર્કીની મદદથી ઝડપથી આધુનિકીકરણ અને પોતાની તાકાત વધારી રહ્યું છે. ભારતીય નૌકાદળ પાસે હાલમાં



બે પરમાણુ સંચાલિત સબમરીન છે,આઈએનએસ અરિહંત અને આઈએનએસ અરિઘાટ. ત્રીજી પરમાણુ સબમરીન આઈએનએસ અરિદમનનું પરીક્ષણ છેલ્લા ૩ વર્ષથી ચાલી રહ્યું છે અને તેને આ વર્ષ સુધીમાં નૌકાદળમાં સામેલ કરવામાં આવશે. વિશ્વની સૌથી મોટી નૌકાદળ બની ગયેલી ચીનની પીએલએ તેની સબમરીન ફોર્સ વિકસાવવા માટે પાણીની જેમ પૈસા ખર્ચી રહી છે. ચીની નૌકાદળ પાસે હાલમાં ૬ પરમાણુ સંચાલિત સબમરીન, ૬ હુમલો પરમાણુ સબમરીન અને ૪૮ ડીઝલ સંચાલિત પરંપરાગત સબમરીન છે જે એઆઈપી ટેકનોલોજીથી સજ્જ છે.એઆઈપીથી સજ્જ સબમરીન ઘણા દિવસો સુધી પાણીની અંદર રહી શકે છે.

# બધા દિવ્યાંગ ઉમેદવારો પરીક્ષામાં બેસવા માટે શાસ્ત્રીઓનો ઉપયોગ કરી શકે છે : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૪

દેશની સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે બધા દિવ્યાંગ ઉમેદવારો અપંગતાના માનક માપદંડોને પૂર્ણ કર્યા વિના પણ પરીક્ષા લખવા માટે લેખક રાખી શકે છે. ન્યાયાધીશ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે જણાવ્યું હતું કે ‘યોગ્ય અને ન્યાયી’ પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી કેન્દ્રની છે. બેન્ચે કહ્યું, ‘આ કોર્ટના નિર્દેશોના અનુસંધાનમાં પ્રતિવાદી નંબર ૫ (કેન્દ્ર) દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનો અમલ કરવો જરૂરી છે જેથી પીડબ્લ્યુડી (બેન્ચમાર્ક ડિસેબિલિટી ધરાવતા વ્યક્તિઓ) ઉમેદવારોને ઉપલબ્ધ લાભો તમામ પીડબ્લ્યુડી (વ્યક્તિઓ) સુધી પહોંચે.’ (વિકલાંગતા ધરાવતા) ઉમેદવારો. જેથી તેઓ કોઈપણ અવરોધ વિના પરીક્ષા આપી શકે. તેથી, કોર્ટે કેન્દ્રને ૧૦ ઓગસ્ટ, ૨૦૨૨ ના રોજના ઓફિસ મેમોરેન્ડમની સમીક્ષા કરવા, પ્રતિબંધો દૂર કરવા અને ‘યોગ્ય રીતે’ છૂટછાટો આપવાનો નિર્દેશ આપ્યો.

# બાલોત્રામાં હાઈવે પર બોલેરો અને અલ્ટો વચ્ચે ટક્કર, એક જ પરિવારના પાંચ સભ્યોના મોત

(એચ.એસ.એલ),જયપુર,તા.૪

રાજસ્થાનના બાલોત્રા જિલ્લાના સિંધરી વિસ્તારમાં સ્થિત પાયલા ગામ નજીક મેગા હાઈવે પર એક મોટો માર્ગ અકસ્માત થયો. આ અકસ્માતમાં બોલેરો અને અલ્ટો કાર વચ્ચે ભયંકર ટક્કર થઈ હતી. જેમાં બંને વાહનો એકબીજા સાથે અથડાઈ ગયા હતા. આ ભયાનક ટક્કરને કારણે, કારમાં મુસાફરી કરી રહેલા એક જ પરિવારના પાંચ



સભ્યોના મોત થયા, જ્યારે આઠ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા. ઘટના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, પાયલા ગામના રહેવાસી અશોક કુમાર સોની સિંધરી શહેરમાંથી સામાન લઈને અલ્ટો કારમાં પોતાના પરિવાર સાથે ઘરે પરત ફરી રહ્યા હતા. જ્યારે તે મેગા હાઈવે પર હતો, ત્યારે ગુજરાત તરફથી ઝડપથી આવતી એક બોલેરોએ તેને ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે અલ્ટો કારના ટુકડા થઈ ગયા. બંને વાહનોમાં મુસાફરી કરી રહેલા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતમાં અશોક કુમાર સોની, તેમના પુત્ર, પુત્રવધૂ, પૌત્ર અને પૌત્રીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# આરબીઆઈ પાંચ વર્ષમાં પહેલી વાર રેપોરેટમાં ઘટાડો કરે તેવી શક્યતા

(એચ.એસ.એલ),મુંબઇ,તા.૪

આરબીઆઇ પાંચ વર્ષમાં પહેલી વાર રેપો રેટમાં ઘટાડો કરી શકે છે. વિશ્લેષકો માને છે કે ૭ ફેબ્રુઆરીએ થનારી જાહેરાતમાં કેન્દ્રીય બેંક આ અંગે નિર્ણય લઈ શકે છે. બે વર્ષથી રેપો રેટમાં કોઈ ફેરફાર થયો નથી અને તે એ જ રહ્યો છે. મુખ્ય નીતિ દર છેલ્લે મે ૨૦૨૦ માં ઘટાડવામાં આવ્યો હતો. આરબીઆઇ મોનેટરી પોલિસી કમિટીની બેઠક ૫-૭ ફેબ્રુઆરી દરમિયાન થશે. વિશ્લેષકો માને છે કે વપરાશ આધારિત માંગને વધારવા માટે કેન્દ્રીય બેંક રેપો રેટ ઘટાડવાનો નિર્ણય લઈ શકે છે. જોકે, રૂપિયામાં



ઘટાડો ચિંતાનો વિષય છે. રૂપિયો ૮૭ ની નીચે આવી ગયો છે. છેલ્લા મોટા ભાગના સમયગાળા દરમિયાન છૂટક ફુગાવો આરબીઆઇના ૬ ટકાના લક્ષ્યાંકની અંદર રહ્યો હતો. આવી સ્થિતિમાં, સુસ્ત વપરાશથી પ્રભાવિત આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે રેપો રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. બેંક ઓફ બરોડાના મુખ્ય અર્થશાસ્ત્રી મદન સબનવીસે જણાવ્યું હતું કે આ વખતે બે કારણોસર દર ઘટવાની શક્યતા છે. પ્રથમ,આરબીઆઇ દ્વારા પ્રવાહિતા વધારવાના પગલાંની જાહેરાતને કારણે બજારની સ્થિતિમાં સુધારો થયો છે. ૨૭ જાન્યુઆરીએ, જાહેરાત કરવામાં આવી હતી કે બેંકિંગ સિસ્ટમમાં ૧.૫ લાખ કરોડ રૂપિયા રોકડા દાખલ કરવામાં આવશે.

# બેટ દ્વારકામાં વકફ બોર્ડ દ્વારા ડિમોલિશન પર રોક માંગતી તમામ અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,તા.૪

ગુજરાત હાઈકોર્ટે બેટ દ્વારકા મેગા ડિમોલિશન માટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે સુનાવણી કરતા વકફ બોર્ડ પાસે ધાર્મિક દબાણો પરના પૂરતા પુરાવા ન હોવાથી સ્ટે ઓર્ડર કોર્ટે હટાવ્યો છે.વકફ બોર્ડ દ્વારા ડિમોલિશન પર રોક માંગતી તમામ અરજી કોર્ટે ફગાવી છે. બેટ દ્વારકા વિસ્તારમાં ગૌચરની જમીન પર બાંધકામ કરવામાં આવેલ મસ્જિદો, મદરેસા અને દરગાહો ધરાશાયી કરવાની પ્રક્રિયા પર રોક મૂકવાની માગ સાથે વકફ બોર્ડ દ્વારા અરજી કરવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, ગુજરાત હાઈકોર્ટ દ્વારા બેટ દ્વારકા ડિમોલિશન મામલે મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વકફ બોર્ડ દ્વારા ડિમોલિશન પર રોક માગતી તમામ અરજી કોર્ટે ફગાવી છે. બેટ દ્વારકા વિસ્તારમાં ગૌચરની જમીન પર બાંધકામ કરવામાં આવેલ મસ્જિદો, મદરેસા અને દરગાહો ધરાશાયી કરવાની પ્રક્રિયા પર રોક મૂકવાની માગ સાથે વકફ બોર્ડ દ્વારા અરજી કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજ દ્વારા દાખલ કરવામાં આવેલ ૩ અરજીઓ પણ અદાલતે ફગાવી છે. કોર્ટના ચુકાદા પર સ્ટે માંગતી અરજી પણ કોર્ટે ફગાવી છે.

# પાકિસ્તાનના કરાંચીથી ૪૦૦ હિન્દુ મૃતકોના અસ્થીઓ ભારત પહોંચ્યા

હરીદ્વાર,તા.૦૪

પાકિસ્તાનના કરાચીના જૂના ગોલીમાર વિસ્તારમાં આવેલા હિન્દુ સ્મશાનઘાટમાં વર્ષોથી અસ્થિ કળશોમાં રાખેલી ૪૦૦ હિન્દુ મૃતકોનાં અસ્થિ સોમવારે (૩ ફેબ્રુઆરી)એ અમૃતસરમાં વાઘા-અટારી બોર્ડરના રસ્તે ભારત પહોંચ્યાં. આ અસ્થિ લગભગ ૮ વર્ષથી સ્મશાનમાં રાખવામાં આવ્યા હતા. પરિવાર તેને ગંગામાં વિસર્જન કરવાની રાહ જોઈ રહ્યો હતો. મહાકુંભ યોગમાં ભારતના



વિઝા મળ્યા બાદ, રવિવારે (૨ ફેબ્રુઆરી) કરાચીના શ્રી પંચમુખી હનુમાન મંદિરમાં એક ખાસ પ્રાર્થના સભાનું આયોજન કરાયું હતું. આ પછી, પરિવારે અસ્થિને અંતિમ વિદાય આપી, જેથી તેમને મોક્ષ માટે ગંગામાં વિસર્જિત કરી શકાય.

# ધોરાજીના વોર્ડ નંબર ૯માં પીવાના પાણી અને કચરાના નિકાલનો કકળાટ

ધોરાજી, તા.૦૪

ધોરાજીમાં નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે વોર્ડ નંબર-૯ની સત્યમશિવમસુંદરમ શેરી વિસ્તારની મહિલાઓએ પાણી સહિતની વિવિધ સમસ્યાઓના નિવારણ માટે આજે નગરપાલિકા કચેરીએ જઈને સૂત્રોચ્ચાર કરી રોષ વ્યક્ત કર્યો હતો. આ મહિલાઓએ તંત્રને પીવાનાં પાણી, કચરાની



તસવીર : નયન કુહાડિયા

ગાડી નિયમિત કરવા સહિતની સમસ્યાઓ નિવારવા રજૂઆત કરી હતી. આ મહિલાઓ એ જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પંદર દિવસે પાણી આવે છે, પીવાનાં પાણીમાં દુર્ગંધ આવે છે, કચરાનાં વાહનો અનિયમિત આવે છે.

# ૧૦ વર્ષમાં ૨૫ કરોડ ભારતિયોને ગરીબી રેખામાંથી બહાર કાઢ્યા છે : પ્રધાનમંત્રી મોદી

નવીદિલ્હી,તા.૪

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચાલી રહેલી ચર્ચાનો જવાબ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપ્યો હતો. તમને જણાવી દઈએ કે સોમવારે લોકસભામાં ચર્ચામાં ભાગ લેતી વખતે વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મોદી સરકાર પર જોરદાર નિશાન સાધ્યું હતું. આજે પીએમ મોદી પણ રાહુલ ગાંધી દ્વારા લગાવવામાં



આવેલા આરોપોનો જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે જનતાએ તેમને ૧૪મી વખત આ સ્થાન પર બેસીને રાષ્ટ્રપતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની તક આપી છે. તેથી, હું જનતાનો આભાર વ્યક્ત કરવા માંગુ છું. આપણે ૨૦૨૫ના વર્ષમાં છીએ, જેનો અર્થ એ કે ૨૧મી સદીનો ૨૫ ટકા ભાગ પસાર થઈ ગયો છે. ૨૦મી સદીમાં અને ૨૧મી સદીના પહેલા ૨૫ વર્ષોમાં સ્વતંત્રતા પછી શું થયું તે સમય નક્કી કરશે. પીએમ મોદીએ કહ્યું કે રાષ્ટ્રપતિનું ભાષણ વિકસિત ભારતના સંકલ્પને મજબૂત બનાવશે, નવો આત્મવિશ્વાસ પેદા કરશે અને સામાન્ય જનતાને પ્રેરણા આપશે. પીએમ મોદીએ કહ્યું કે અમને ૧૦ વર્ષ સેવા કરવાનો મોકો મળ્યો અને ૨૫ કરોડ ભારતીયો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે.

# ધોરાજીમાં ભાજપમાં ભડકો : વોર્ડ બેમાંથી ભાજપના ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી લીધી

ધોરાજી, તા.૦૪

ધોરાજી નગરપાલિકામાં કુલ ૯ વોર્ડની ચૂંટણીમાં વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારોએ ઝંપલાવ્યું છે ત્યારે આજે ઉમેદવારી ફોર્મ પાછી ખેંચવાના અંતિમ દિવસે કુલ ચાર ઉમેદવારી ફોર્મ ખેંચાયા હતા. આજે ભાજપમાંથી વોર્ડ નંબર ૨ માંથી ઉમેદવારી નોંધાવનારા પ્રવીણભાઈ હરિભાઈ દવે પોતાનું ફોર્મ પરત ખેંચતા પક્ષમાં ભડકો થયો હતો. આ ઉપરાંત વોર્ડ નંબર ૨માંથી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર યોગેશભાઈ ભાષાએ પણ પોતાની ઉમેદવારી પાછી ખેંચીને તેમના પિતાને સમર્થન જાહેર કર્યું હતું. વોર્ડ નંબર ૪માંથી સુરેશભાઈ વેલજીભાઈ અંટાળાએ અને વોર્ડ ૯માંથી શર્મિલાબેન નાથાભાઈ જરવલીયાએ આમ આદમી પાર્ટીમાંથી ફોર્મ પરત ખેંચ્યું હતું. આથી હવે વોર્ડ નંબર ૯માં માત્ર ભાજપ અને કોંગ્રેસ બંને વચ્ચે જ લડાઈ છે.

-//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૦૮/૨૦૨૫

**અરજદાર :-** શ્રી જયસુખભાઈ ભનુભાઈ અજાણી
રહે. અમરપુર વરૂડી, તા.જિ.અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.અમરપુર વરૂડી, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરપુર વરૂડી ગામમાં જયસુખભાઈ ભનુભાઈ અજાણી તેઓના માતૃશ્રી નાથીબેન ભનુભાઈ અજાણીની મરણ (તા.૨૪/૦૧/૨૦૨૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# અમરેલી જિલ્લાની વિવિધ નગરપાલિકાઓમાં ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ

અમરેલી, તા.૦૪

અમરેલી જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં ચૂંટણી યોજાવાની છે તેમજ અન્ય નગરપાલિકાઓમાં પેટા ચૂંટણી યોજાવાની છે. ત્યારે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ચૂંટણી લડનાર ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. લાઠી નગરપાલિકાનાં તમામ છ વોર્ડમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર થશે. આ ચૂંટણીમાં આમઆદમી પાર્ટીનાં ૧૪ ઉમેદવારો પણ ચૂંટણી જંગમાં ઉતર્યા છે.

જાફરાબાદ નગરપાલિકાની સાત વોર્ડની ચૂંટણીમાં ભાજપે માસ્ટર સ્ટ્રોક રમ્યો છે. ચૂંટણી પહેલા જ ૧૬ બેઠકો કબજે કરી છે. રાજુલા નગરપાલિકાની ચૂંટણીમાં સાત વોર્ડમાંથી ૮૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી સાત ફોર્મ અમાન્ય રહેતા ૮૨ ઉમેદવારો ચૂંટણી જંગ લડશે. જેમાં ભાજપ કોંગ્રેસનાં ૨૮ ઉમેદવારો અને આમઆદમી પાર્ટીનાં ૨૩ ઉમેદવારો ચૂંટણી લડશે. ચલાલા નગરપાલિકાની છ વોર્ડમાંથી ૪૮ ઉમેદવારો ચૂંટણી લડશે. જેમાં ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવારો વચ્ચે સીધો જંગ જામશે. સા.કુંડલા વોર્ડ નં.૩, તેમજ અમરેલીમાં વોર્ડ નં.૫ અને ૭ ની ચૂંટણી યોજાશે. અમરેલી વોર્ડ નં.૭ માં એક ફોર્મ અમાન્ય રહ્યું હતું. અમરેલીમાં ભાજપ, કોંગ્રેસ અને આમઆદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાશે. દામનગર પાલિકામાં વોર્ડ નં.૨ અને ૩માં પેટા ચૂંટણી યોજાશે. જેમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ થશે. ધારી તાલુકાનાં મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયત માટે ૩ ફોર્મ ભરાયા હતા. જેમાં ૧ ફોર્મ અમાન્ય રહેતા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર થશે. જોવા જેવું તો એ છે કે બગસરા તાલુકાનાં જુના વાઘણીયા અને બાબરા તાલુકાનાં કરીયાણા તાલુકા પંચાયત સીટ માટે કોઈ પક્ષોને ઉમેદવારો ન મળતા તાલુકા પંચાયતની આ બેઠક ખાલી રહી છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

**જાફરાબાદ પાલિકામાં ભાજપનો કબજો તો, કરીયાણા-જુના વાઘણીયા તાલુકા પંચાયતની બેઠક ખાલી**

# ગોંડલના ગુંદાસરા ગામે બે બિહારી યુવકોનું ચેકડેમમાં ડૂબી જવાથી મોત

ગોંડલ,તા.૦૪



તસવીર : દેવાંગ ભોજાણી

ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામે વસંત પંચમી નિમિત્તે ઉજવણીનો માહોલ અચાનક માતમમાં ફેરવાઈ ગયો. સુપ્રીમ કાસ્ટ ફેક્ટરીમાં કાર્યરત બે બિહારી યુવાન શ્રમિકોએ સરસ્વતી માતાની મૂર્તિના વિસર્જન દરમિયાન જીવ ગુમાવ્યો હતો.ઘટના ૩ ફેબ્રુઆરીની સાંજે બની હતી, જ્યારે ૧૨થી ૧૫ લોકોનું જૂથ ગાજતે-વાજતે મૂર્તિને ગામ નજીકના ચેકડેમ સુધી વિસર્જન માટે લઈ ગયું હતું. વિસર્જન દરમિયાન ૨૩ વર્ષીય અમનકુમાર ગૌતમરાય અને ૨૦ વર્ષીય કુમાર ગૌરવ સુભાષ માલાહર ઊંડા પાણીમાં આગળ વધ્યા અને ડૂબવા લાગ્યા. લોકો બચાવ કરે તે પહેલાં જ બંને યુવાનો પાણીમાં ગરકાવ થઈ ગયા.ઘટનાની જાણ થતાં ફેક્ટરીના માલિક અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા. ગોંડલ ફાયર બ્રિગેડની ટીમે બંને મૃતદેહોને બહાર કાઢ્યા અને શિવમ સાર્વજનિક ટ્રસ્ટની એમ્બ્યુલન્સ મારફતે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કરુણતા એ છે કે મૃતક કુમાર ગૌરવ પરિણીત હતો અને તેમને ૬ માસનો પુત્ર છે, જ્યારે અમનકુમાર અપરિણીત હતો.

# અમદાવાદમાં પોલીસ પર પથ્થરમારો થતા બંદોબસ્ત ગોઠવી દેવાયો

અમદાવાદ,તા.૪



અમદાવાદ શહેરમાં રાત્રે ગુલબાઈ ટેકરા વિસ્તારમાં ડીજે બંધ કરાવવા ગયેલી પોલીસ પર અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરાયો હતો, ઘટનાને લઈ પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. અમદાવાદ શહેરમાં મોડી રાત્રે શહેરમાં ગુલબાઈ ટેકરા વિસ્તારમાં ડીજે બંધ કરાવવા ગયેલી પોલીસ સાથે અજાણ્યા શખ્સોએ બોલાચાલી કરી હતી. તેમજ પોલીસના સમજાવ્યા બાદ પણ ઝઘડો કરી અમદાવાદ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. ઘટનાને લઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અમદાવાદ પોલીસે બંદોબસ્ત ગોઠવી ઘટનાને કાબૂમાં લીધી હતી.

# ગુજરાતના IPS અધિકારી અભય ચુડાસમાએ સ્વૈચ્છીક રાજીનામુ ધરી દીધુ

અમદાવાદ,તા.૦૪



ગુજરાત પોલીસમાં અલગ ઈમેજ ધરાવતા IPS અધિકારી અભય ચુડાસમાએ સ્વૈચ્છિક રાજીનામું આપી દીધું છે. જો કે, હજી સુધી રાજ્ય સરકારે રાજીનામાનો સ્વીકાર કર્યો નથી. ૩ જાન્યુઆરીના સવારે ૧૦ વાગ્યે તેઓએ રાજ્યના પોલીસવડાને પોતાનું રાજીનામું આપ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. તેઓ હાલ એડિશનલ ડીજીપી તરીકે ગુજરાત પોલીસમાં ફરજ બજાવે છે. કયા કારણોસર અને નિવૃત્તિના થોડાક મહિના પહેલાં જ રાજીનામું આપ્યું તે અંગે અનેક ચર્ચા છે.અભય ચુડાસમા ગુજરાત પોલીસના સુપરકોપ કહેવાય છે અને તેઓ ગુજરાત પોલીસના અનેક મહત્ત્વના કેસ સાથે જોડાયેલા હતા. અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ હોય કે અન્ય મહત્ત્વના કેસ તેમણે ઉકેલવામાં મહત્ત્વની જવાબદારી નિભાવી છે. છેલ્લા ઘણા સમયથી તેઓ સાઈડ પોસ્ટિંગમાં હતા અને તેમને મહત્ત્વની પોસ્ટિંગ મળશે તેવી અટકળો પોલીસબેડામાં હતી, ત્યારે તેમણે અચાનક રાજીનામું આપી દેતા તમામ અટકળોનો અંત આવ્યો છે. હવે પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ તેઓ ગુજરાતના બીજા IPS અધિકારી હશે જેમણે તાજેતરમાં રાજીનામું આપ્યું છે.

# દાહોદના સંજેલીમાં મહિલા સાથે શરમજનક કૃત્ય બાદ હાઈકોર્ટે સુઓ મોટો લીધી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૪

દાહોદના સંજેલી ગામમાં લગભગ ૧૫ લોકોના ટોળાએ એક મહિલાને અર્ધ નગ્ન હાલતમાં બાઈક પાછળ સાંકળોથી બાંધીને ગામમાં ફેરવી હતી, આ શરમજનક તેમજ સંવેદનશીલ ઘટનાને ધ્યાનમાં રાખી ગુજરાત હાઈકોર્ટે આ મામલામાં સ્વતઃ નોંધ (સુઓ મોટો) લીધી છે. રાજ્યના ગૃહ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને દાહોદ ડીએસપી આ ઘટના અંગે કાર્યવાહીનો અહેવાલ હાઈકોર્ટ સમક્ષ રજૂ કરશે. ભવિષ્યમાં રાજ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે શું પગલાં લેવામાં આવશે તે અંગે તેઓ જવાબ આપશે. હાઈકોર્ટે આ ઘટનાનું સુઓ મોટો લીધો હતો અને કહ્યું કે એક અમેરિકન ગર્ભપાત નિષ્ણાતના મતે, પુરુષે હંમેશા મહિલાનો ઉપયોગ જ કર્યો હતો. હંમેશા તેને ગુલામ તરીકે રાખવાની વૃત્તિ તેનામાં રહી છે. દાહોદના સંજેલીમાં એક લાચાર મહિલાના અપમાનની નિંદનીય ઘટના સમાચાર માધ્યમોમાં પ્રકાશમાં આવી છે.

# પ્રયાગરાજ કુંભમાં જવા માટે રાજકોટથી એસ.ટી.વોલ્વો બસનું કરાયું પ્રસ્થાન

રાજકોટ,તા.૦૪



ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં ગુજરાતથી જતાં શ્રદ્ધાળુઓ માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત એસટી નિગમની વોલ્વો બસનો પ્રારંભ અમદાવાદથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આજે (૪ ફેબ્રુઆરીથી સુરત, વડોદરા અને રાજકોટથી પણ વોલ્વો બસનો પ્રારંભ થયો છે. )પહેલા દિવસની ટ્રિપમાં ૭૦ ટકાથી વધુ બસ ફુલ છે. ૮ વર્ષના બાળકથી લઈને ૭૨ વર્ષીય વૃદ્ધામાં ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવવાને લઈ ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રદ્ધાળુઓનું ફૂલોથી સ્વાગત કરી અને મોઢું મીઠું કરાવી ભાજપ નેતાઓએ આવકાર્યા હતા. જે બાદ મહાકુંભની વોલ્વો બસને લીલીઝંડી આપી રવાના કરાઈ હતી. હર્ષ સંઘવીએ લોકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, ત્યાં થોડી ભીડ હોય અને એકાદ બે કલાકનું મોડું થાય તો પણ એસટી બસ તમારી રાહ જોશે. ભીડ જેવી પરિસ્થિતિ હોય તો થોડી રાહ જોજો. આ સાથે જ પાર્કિંગથી ચાલવાની માનસિકતા સાથે જ વિચાર કરજો. સરકારી બસને કુંભની નજીક લઈ જવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# સુરત રેલ્વે સ્ટેશન પર યુવક ટ્રેન પર ચડી જતા ટ્રેન સેવાને અસર

સુરત,તા.૦૪



સુરત રેલવે સ્ટેશન પર આજે (૪ ફેબ્રુઆરી) એક યુવક ટ્રેન પર ચડી જતા ભારે હંગામો સર્જાયો હતો. બનાવના પગલે RPF તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જો કોઈ યુવકને બચાવવા જવાનો પ્રયાસ કરે તો તે ઈલેક્ટ્રિક વાયર પકડી લેવાનું કહેતો હતો અને પકડવાનો પ્રયાસ પણ કરતો હતો. ૪૫ મિનિટની ભારે જહેમતે તેને નીચે ઉતારાયો હતો. પ્રાથમિક તપાસમાં યુવક માનસિક બીમાર હોવાનું સામે આવ્યું છે. જ્યારે આ હંગામાના પગલે સાત ટ્રેન મોડી પડી હતી.રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર બાંદ્રા એક્સપ્રેસ ટ્રેન આવીને ઊભી રહી હતી. દરમિયાન એક યુવક એન્જિનની ઉપર ચડી ગયો હતો. યુવક ટ્રેનના એન્જિન પર બેસીને હાથ જોડતો હતો અને ઈશારાઓ કરી રહ્યો હતો. લોકો તેને સમજાવીને નીચે ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા હતા જો કે તે ઊતરી રહ્યો ન હતો. આ અંગેની જાણ થતાં જ આરપીએફના જવાનો પણ દોડી આવ્યા હતા. શરૂઆતમાં સમજાવીને ઉતારવાનો પ્રયાસ કરતા તે નીચે ઊતરતો ન હતો.

# હાલોલ પાલિકામાં ભાજપના ૨૦, જૂનાગઢ મનપામાં ૮ ઉમેદવારો બિનહરીફ

જૂનાગઢ,તા.૦૪




પંચમહાલની હાલોલ નગરપાલિકાની સ્થાનિક ચૂંટણી પહેલા મોટા સમાચાર સામે આવ્યા છે. હાલોલ નગરપાલિકામાં મતદાન પ્રક્રિયા પૂર્વે જ ભાજપ સત્તામાં આવ્યું છે. ભાજપ ૨૦ બેઠકો પર બિનહરીફ વિજેતા જાહેર થયું છે. ચૂંટણી અધિકારી દ્વારા ૯ વોર્ડની ૩૬ બેઠકો માટે ૭૨માંથી ૬૭ ઉમેદવારી પત્રો માન્ય રાખવામાં આવ્યા હતા, ૫ ફોર્મ રદ કરવામાં આવ્યા હતા, જેમાં ભાજપના મેન્ડેટ વગરના ૪ અને આપનું ૧ ફોર્મ સામેલ છે. ત્યારબાદ ૧૫ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પરત ખેંચી લીધા હતા. હાલોલ નગરપાલિકામાં ભાજપના ૨૦ ઉમેદવારો બિનહરીફ થયા છે. ૯ વોર્ડમાંથી ૫ વોર્ડમાં ભાજપ બિનહરીફ વિજેતા જાહેર થયું છે. કોંગ્રેસ પેનલે ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. બીજી તરફ ઉમેદવારોને ફોર્મ પરત ખેંચવા દબાણ કરાતું હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે.જૂનાગઢમાં કોંગ્રેસના ૬૦ ઉમેદવારોમાંથી ૯ ઉમેદવારોએ ભાજપનાં સમર્થનમાં ફોર્મ પરત ખેંચી લીધા છે. મતદાન પહેલા જ બે વોર્ડના ભાજપના ૮ ઉમેદવારો બિનહરીફ થઈ ગયા છે. વોર્ડ નં.૧૨ના કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેંચી લીધુ છે પરંતુ ત્યાં અન્ય ઉમેદવાર હોવાથી બેઠક બિનહરીફ થઈ નહી. દિલીપ ગલે બક્ષીપંચ બેઠક પર ઉમેદવારીપત્ર ભર્યું હતું, તેણે પણ ભાજપના સમર્થનમાં ઉમેદવારીપત્ર પરત ખેંચી લીધુ છે. આજે ફોર્મ ચકાસણીનો દિવસ હતો. ફોર્મ ચકાસણી માટેની પ્રક્રિયા પુરી થતા કોંગ્રેસના જે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા તે તમામ ઉમેદવારના ફોર્મ માન્ય રહ્યા હતા. ફોર્મ માન્ય થઈ ગયા બાદ પરત ખેંચી લેતા રાજકીય ભૂકંપ સર્જાયો છે.











